**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦ આજીવન ૨૫૧-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Ma from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સનાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| તુલસીકૃત રામાયણનું રસદર્શન | નિર્ભયરામ કા. વૈષ્ણવ | ૧૧ |
| પૂ. સર્વેશ્વરી માનું વ્હાલભર્યું દર્શન | ડો. ગંભીરભાઇ પટેલ | ૧૬ |
| પિતાની પુત્રને ઉમદા શીખ | ડો. ચિંતન વ્યાસ | ૨૦ |
| ધર્મ એટલે જીવન જીવવાની કળા | પૂ. શ્રી રાકેશભાઇ ઝવેરી | ૨૩ |
| અદ્ભુત ઘટનાઓ | કુંદનિકાબેન કાપડીયા | ૩૧ |
| પ્રભુ પર છોડી દે | યોગેશ્વરજી | ૪૦ |
| મારાં બધાં કાર્યોમાં | યોગેશ્વરજી | ૪૧ |
| આ મંદિરને શું થયું? | ફાધર વાલેસ | ૪૨ |
| ભગવાં ઉતારવાં પડશે! | કાકા કાલેલકર | ૪૩ |
| રાક્ષસ બન્યા શી રીતે? | દાદા ધર્માધિકારી | ૪૫ |
| પરમહંસ શ્રીરામકૃષ્ણદેવનો સંક્ષિપ્ત પરિચય | પ્રો. અરૂણિકા દરૂ | ૪૭ |
| પુરુષોત્તમયોગ | શ્રીયોગેશ્વરજી | ૫૨ |
| શૌચ | મહારજશ્રી નથુરામશર્મા | ૫૮ |
| રસેશ્વરી | શ્રીયોગેશ્વરજી | ૬૧ |


### ● ભક્તિસુધા ●

**(મહારાજશ્રી નથુરામશર્મા)**

જુઠા જગના કામમાં, સુખદુઃખ સહે અનેક;
પણ પ્રભુભક્તિમાં સહે, એવો કોઇક એક. ૮
અતિનિદ્રા જગપ્રીતિ ને, હાસ્ય રાગ બહુ વાત;
દ્વેષ ગર્વ ને ચપલતા, કરે ભક્તિની ઘાત. ૯
સહનશીલતા દીનતા, શ્રદ્ધા ટેક વિવેક;
એ ગુણવિણ પ્રભુભક્તિનો, થાય નભાવ ન છેક. ૧૦

## ❁ અભિનંદનીય સહાય ❁

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,
પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશ-ભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું 'અધ્યાત્મ' માસિક અમને ૨૫ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

—શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર
ટોરન્ટો, કેનેડા.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૬ જૂન–૨૦૦૫ અંક ૯

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૧૩–૧૧–૮૧ શુક્રવાર, કારતક વદ બીજ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટાએના, કેલીફોર્નિયા, અમેરિકા.**

આજે છઠ્ઠો દિવસ. આજે પૂ. શ્રી ઊઠ્યા ને સર્વેશ્વરીને પ્રથમ પ્રહરમાં જ આશીર્વાદ આપતા કહ્યું, 'ખૂબ ખૂબ યશવાળું જીવન બનો. સર્વપ્રકારનું સુખ મળો. પ્રભુ પરાયણ જીવન થાઓ.' સર્વેશ્વરીનો આજે ૩૯ મો જન્મદિન છે.

૩૮ વરસ પાણી વેગે વહી ગયાં! વિદાય થતાં પહેલાં જીવનનો સર્વોત્તમ સદ્ઉપયોગ કરી લઈએ. પૂ. શ્રીના આશીર્વાદ ફળે એવી ભૂમિકા તૈયાર કરી લઈએ.

વળી પૂ. શ્રીએ સ્નાન, વ્યાયામ કરી લેખન માટે તૈયારી કરી ત્યારે ફરી સર્વેશ્વરીને સાકરનો ટૂકડો પ્રસાદમાં આપી પૂ. શ્રીએ કહ્યું, 'જીવન સાકર જેવું મીઠું બનો. ખૂબ સુખી થાઓ.' સર્વેશ્વરીએ પૂ. શ્રીને પ્રણામ કરી કહ્યું : 'પ્રભુ! આ જીવનમાં

પ્રભુના સતત દિવ્ય દર્શન થાય ને તેમની સાથે જ રહેવાનું સદ્ભાગ્ય જીવનભર મળે એ જ ઇચ્છા છે.'

પૂ. શ્રી : તમે જેને પ્રભુ કહો છો તે તો આ રહ્યા! (એમ કહી તેઓ પોતાના તરફ આંગળી કરી બતાવે છે). ને આ વિવિધરૂપે દર્શન તે દિવ્ય જ છે ને! વળી પ્રભુની સાથે જ રહેવાનું. શા માટે છૂટા પડીએ? જનમોજનમ પ્રભુ સાથે જ રાખે.

ત્યાર બાદ સર્વેશ્વરી પોતાના જપ, પ્રાર્થના, લેખનમાં મગ્ન બની જાય છે. સાડા અગિયારે પૂ. શ્રી પોતાના કાર્યમાંથી નિવૃત્ત થઇ જાય છે. આજની મુલાકાતમાં બે જ ભાઇબેન હતાં. એમાં એક નાની છોકરી જેને ત્યાં રહે છે તેને ત્યાં માંસાહાર થાય છે. છોકરીને ખાવું નથી એ અંગે પૂ. શ્રી સાથે ચર્ચા થાય છે.

પૂ. શ્રી : આપણે મક્કમ રહેવાનું. હવે કાંઇ તમે નાના નથી. તમારે એક વાર કહી દેવાનું. અથવા એટલી હિંમત હોય તો કહી દો, ગમે તે થાય હું તમારે ત્યાં નહીં રહું.

વળી હવે પછીના પ્રવાસમાં જ્યાં ઉતારો હોય ત્યાં પૂરી પવિત્રતા છે કે નહીં તેની પણ ચર્ચા થઇ. આજે ખીચડી, શાક, કઢીનું ભોજન લીધું. ભોજન બાદ આરામ. પૂ. શ્રીએ ફરી થોડું લેખન કર્યું. અહીં પૂ. શ્રી પલંગ પર બેસીને જ લેખનકાર્ય કરે છે.

સાંજે ૫:૩૦ વાગ્યે ધ્યાનની બેઠક શરૂ થાય છે. જે સવા છ સુધી ચાલે છે. સવા છ વાગ્યે કેનેડાથી શ્રીહર્ષદભાઇ તલાટીનો ફોન આવે છે. આજે સર્વેશ્વરીને જન્મદિન અંગે તેઓ શુભેચ્છા પાઠવે છે. એમને ત્યાં પૂ. શ્રીની ચરણપાદુકારૂપે મોજડી રાખે છે તેથી તે અંગે જીવન ને વધુ પવિત્ર બનાવવાની સૂચના



આપી. તો તેમણે કહ્યું કે મને આવું સુંદર માર્ગદર્શન મળ્યું તેથી ખૂબ આનંદ થયો.

શ્રી હર્ષદભાઇ તલાટી સાથે વાત પૂરી થઇ ને થોડીક ક્ષણોમાં જ શ્રી સુરેશભાઇ શાહનો ફોન આવ્યો. તેમણે, વિમળાબેને, શ્રી સુરેશભાઇ પરીખ, શ્રી દીપકભાઇ વગેરે સૌએ અભિનંદન આપ્યા. થોડી 'અધ્યાત્મ'ની વાતો પણ થઇ. આજે વળી શ્રી ચીમનભાઇનો પણ કેનેડાથી અભિનંદનનો ફોન આવ્યો.

પ્રથમ વાર જ કેનેડાની મુલાકાત છતાં સૌ પ્રેમાળ ભાઇબેનો આટલે દૂર સુધી સ્મરણ રાખીને શુભેચ્છા પાઠવે એ આનંદનો વિષય ગણાય. સત્સંગથી તે સૌના પ્રેમભાવ મેળવવા પ્રભુ સર્વેશ્વરીને ભાગ્યશાળી બનાવે છે. પૂ. શ્રીએ પણ બંને વાર ફોન પર તેમની સાથે વાત કરી.

આજે સાંજે અલ્પાહારમાં વઘારેલા મમરા જ લેવાની વાત થઇ. જેથી સર્વેશ્વરી મમરા તૈયાર કરીને પૂ. શ્રીની પાસે લાવે છે. ઓરડામાં પૂ. શ્રી સોફા ઉપર બેઠા છે. શ્રી હીરાભાઇ ને એમનાં પત્ની પૂ. શ્રીને પ્રશ્નો પૂછે છે. પૂ. શ્રી પાસે તેમણે ખાસ મુલાકાત માંગી હતી. તેઓને થોડા પ્રશ્નો હતાં જેનો ઉકેલ પૂ. શ્રીએ આપ્યો.

પ્રશ્ન : હું કેટલી માળા કરું?

પૂ. શ્રી : ત્રીસ માળા દરરોજ કરો.

પ્રશ્ન : મારા દેવસ્થાનમાં ઘણાં ફોટાઓ છે. સૌની પૂજા ને સૌની માળા કરું તો સમય ઘણો જાય છે.

પૂ. શ્રી : સૌને ચંદન તિલક કરી પ્રણામ કરો, ને માળા તમને જે સ્વરૂપ વધારે ગમે તે જગદંબાની જ વધારે કરો.

પ્રશ્ન : અમારાં પત્નીના પિયરપક્ષે ખૂબ અશાંતિ રહે છે. તો શું એ કુટુમ્બને શાપ લાગ્યો હશે?

પૂ. શ્રી : ના. કર્મના જેવા જેની સાથે સંસ્કારો. જે જીવ જેવું લઇને આવે તેવું તે પામવાનો. તે જીવો જો ભગવદ્ ભજન કરે તો તે બધું બદલાઇ જશે.

પ્રશ્ન : મારે એક મંદિર બાંધવું છે.

પૂ. શ્રી : ભુવનેશ્વરી માતાનું મંદિર બાંધવું છે તો બાંધો. પણ તમારા હૃદયમાં જ બાંધો ને!

આટલી વાતચીત બાદ પૂ. શ્રીના સાનફ્રાન્સીસકોના પ્રવચનની વાતો થઇ. શ્રી હીરાભાઇએ કહ્યું કે, ત્યાં જે હોલ રાખ્યો છે તેનું ભાડું રોજના ૫૦ ડોલર છે. મેં એઓને કહ્યું કે ૩૦૦ ડોલર હું ભરી દઇશ. પણ તમારી વાણી તેઓને કાને પહોંચાડું એ જ એક ભાવના છે. ભાડાનો તો કોઇ પ્રશ્ન જ નથી.

શ્રી હીરાભાઇનો પ્રથમ જ પરિચય છે, પણ કેવી સેવાભાવના છે! ધન્યવાદ ઘટે છે શ્રી હીરાભાઇને! તેઓની મુલાકાત પૂરી થતાં પૂ. શ્રી મમરા લે છે. આજે પ્રવચન નથી તો જાહેર સત્સંગ પણ નથી. છતાં થોડીવાર પૂ. શ્રી પોતાના જ્ઞાનામૃતનો લાભ આપશે એ દૃષ્ટિએ ત્યાં યજમાન પરિવારના બેઠકરૂમમાં તૈયારી થઇ ગઇ. પૂ. શ્રી ત્યાં જાય છે. પૂ. શ્રી માટે એક અલગ બેઠક છે. સર્વેશ્વરી માટે નીચે એક અલગ બેઠક છે. પૂ. શ્રીએ સર્વેશ્વરીને પાસે એક સોફા હતો ત્યાં જ બેઠક લેવા સૂચના કરી જેથી સર્વેશ્વરી એક સોફા પર અલગ બેઠાં છે. શ્રોતાઓ નીચે બેઠા છે.

શરૂઆતમાં ત્રણ ભજનો બેનો ગવડાવે છે. પ્રશ્નો પૂછવાની



વાત થાય છે. કોઇ પ્રશ્ન જ નથી એમ જ્યારે પૂ. શ્રી જાણે છે ત્યારે કહે છે : 'સબસે બડે વે મૂઢ, જીને ન વ્યાપે જગત કી ગતિ. સૌથી સુખી અજ્ઞાની! કોઇ પ્રશ્ન જ નહીં તો તે જડ દશા પણ હોઇ શકે અથવા ચિન્મય અવસ્થા પણ હોઇ શકે.'

પણ ત્યાં જ વળી એક પ્રશ્ન પૂછાય છે.

પ્રશ્ન : જીવ દેહમાંથી નીકળીને ક્યાં જાય છે? તે જીવની અવગતિ થાય એટલે શું?

પૂ. શ્રી : જીવ દેહમાંથી ક્યાં જાય તે જાણતા નથી, તે સારું છે. જો કે તેને જાણવા માટે શાસ્ત્રોમાં સાધનો બતાવ્યાં છે. યોગ ને ભક્તિથી તે જાણી શકાય. જીવ સારાં કામ કરે તો સારી યોનિમાં જન્મે. સૌથી ઉત્તમ કામ કરે તો દેવયોનિમાં પણ જન્મે. અને વળી જીવ એક જન્મે યોગ્ય સાધના કરે તો મુક્ત પણ થઇ જાય! પણ જ્યાંસુધી રાગ, મમતા, વાસના છે, આસક્તિ છે ત્યાંસુધી ફરી જનમ, મરણ, જનનીના જઠરે શયન એ ક્રમ આવાગમનનો ચાલ્યા જ કરે.

હવે બીજો પ્રશ્ન, જીવ કયે રસ્તે જાય તે પણ યોગીઓ સિવાય કોઇ જાણી શકતું નથી. દુર્ગતિ કે અવગતિ એટલે શું? મૃત્યુ પછી દુર્ગતિની વાત નહીં. ઘણાં માનવો જન્મતાં જ દુર્ગતિ—ઘણાં જીવો જીવતાં જ મરેલા જેવા લાગે. તેના જીવનથી તેને કે કુટુમ્બને, ગામને, દેશને કોઇને લાભ જ નહીં! ભારરૂપ બનીને જ જીવતા હોય એવું લાગે.

જીવતા જ દુર્ગતિ એટલે શું?

વિચારોની દુર્ગતિ : જેવી બોલવી જોઇએ તેવી વાણી ન બોલાય.

વ્યવહારની દુર્ગતિ : શાસ્ત્રસંમત વ્યવહાર ન થાય.

આહારની દુર્ગતિ : માંસ, દારૂ જેવો અભક્ષ્ય આહાર.

આહાર, વિહાર, વિચાર, વાણી બધું જ અયોગ્ય રીતે ચાલે તો તે જીવતા જ દુર્ગતિને પામેલો છે.

માનવ—સારા માનવ તરીકે આશા રાખી ન શકાય તેવી વાણી, આહાર, વિહાર, વિચાર રાખે તો તે જીવતાં જ દુર્ગતિ પામે. તેની આંખો રાગદ્વેષથી ભરેલી હોય. તેથી જીવનભર જે રીતનું જીવ્યા હોય તે જ મૃત્યુ સમયે પણ તે જ રાગદ્વેષ લઇ જાય. તેથી તે સારી ગતિ ન પામે. વાસના પૂરી થાય પછી તે જન્મે.

હવે સદ્‌ગતિ એટલે શું?

પરમાત્મા તરફની ગતિ તે સદ્‌ગતિ. ને ભૌતિક પદાર્થો, પરમાત્મા સિવાયના પદાર્થો તરફ ગતિ તે દુર્ગતિ. આપણે જીવતા જ સદ્‌ગતિ મેળવી લઇએ તો પછી મૃત્યુ પછી પણ સદ્‌ગતિ જ થાય. આહાર, વિહાર, વિચાર, બીજાનું ભલું કરી છૂટીએ એવી જ ભાવના. જીવતા જ સદ્‌ગતિના પ્રયત્ન કરો. તમે જીવનભર સારું જ, શાસ્ત્રોક્ત જીવન જીવ્યા કરો તો દુનિયાની કોઇ શક્તિ તમને દુર્ગતિ ન આપી શકે. જીવનને પવિત્ર, પ્રભુપરાયણ રાખવું એ આપણા હાથની વાત છે.

‘મળ્યો મનુષ્ય જન્મ અવતાર માંડ કરીને,
તમે ભજ્યા નહીં ભગવાન હેત ધરીને.
તેથી ખાશો જમનો માર પેટ ભરીને,
તેથી રામ—નામ સંભાર....’

જીવતાં જ આપણું મન પૈસા, પ્રોપર્ટી, પત્ની, પતિ, સગાવ્હાલામાં ના રહે એવા પ્રયત્ન કરો. જીવતાં જ જેને આપવાનું છે તેને આપી દો. મૃત્યુ પછી બીજા આપે એના



કરતાં આપણે હાથે જ દાન કરી લો.

આપણા છોકરાઓ ભસ્મ લઇને તીર્થોમાં ગયા કે ન ગયા! તો જીવતાં જ જેટલી પણ યાત્રા કરવી હોય તેટલી કરી લો.

એ ઉપરથી સર્વમંગલ ટ્રસ્ટની વાતો થાય છે. આટલા વાર્તાલાપમાં નવ વાગી ગયા. જેથી સર્વેશ્વરીને ડાયરીનું એક પાનું વાંચવાનું કહ્યું. ડાયરીના વાચન બાદ સૌએ પ્રણામ કરી વિદાય લીધી.

પૂ. શ્રીએ દૂધ પીને આરામ કર્યો. કંચનબેન મોડા આવ્યાં હોવાથી સર્વેશ્વરીએ તેમને બે દિવસની ડાયરીના પાનાં વાંચી સંભળાવ્યાં. સામાજિક પ્રસંગે શ્રી કંચનબેન આજે આખો દિવસ બહાર જ હતાં. હરિઃ ૐ

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

(પૂજ્ય યોગેશ્વરજીદ્વારા)

# તુલસીકૃત રામાયણનું રસદર્શન

**સંકલન : નિર્ભયરામ કા. વૈષ્ણવ**

આપણા પૂજ્યપાદ યોગેશ્વરજીએ તુલસીજીદ્વારા રચિત રામચરિત માનસનો ભાવાત્મક પદ્યાનુવાદ કર્યો છે.

કુમકુમ પ્રકાશન મંદિર, ગાંધીરોડ, અમદાવાદ તરફથી ૬૮૩ પાનાવાળા આ ગ્રંથનું ફેબ્રુઆરી—૧૯૮૩ માં પ્રકાશન થયું છે.

આ ગ્રંથની પ્રસ્તાવનામાં પૂજ્ય યોગેશ્વરજીએ જણાવ્યું છે કે : ''ઈ. સ. ૧૯૮૧ માં ચૈત્ર સુદ એકમથી આ ભાવાનુવાદનું કાર્ય શરૂ કર્યું. અને ઈ. સ. ૧૯૮૨ માં અષાઢ સુદ અગિયારશે સવાવરસ જેટલા સમયમાં તે કાર્ય પૂર્ણ થયું. આ કાર્યથી મારો સમય સુધર્યો છે અને મને આનંદ મળ્યો છે. તે જ રીતે અન્ય સૌને પણ મળશે એવી આશા છે. ગુજરાતી પદ્યાનુવાદ સૌ કોઈને માટે ઉપયોગી ઠરશે એવું માનું છું.''

પૂજ્ય યોગેશ્વરજીએ આપણને સૌને તુલસીજીની આ રામાયણ આપણી માતૃભાષામાં જ કાવ્ય સ્વરૂપે દોહા—ચોપાઈ—છંદ વગેરે રચીને ભેટ ધરી છે. આથી વધુ ભણેલા જિજ્ઞાસુઓ અને ઓછું ભણેલા મુમુક્ષુઓ સહુ આ કથાનું રસપાન ગુજરાતી ભાષામાં જ કરી શકશે.

આપણા મહાત્મા પૂજ્ય યોગેશ્વરજીએ લીધેલી મહેનતનો લાભ અધ્યાત્મ માસિકના સૌ વાંચકો તથા સમગ્ર સમાજને પણ મળી રહે તે હેતુથી તેનો આસ્વાદ પ્રાપ્ત કરાવવા અભિમુખ કરવા અત્રે નમ્ર પ્રયાસ કર્યો છે.



આ ગ્રંથની સમીક્ષા કરનાર ગુજરાતના સાક્ષર શ્રી અનંતરાય રાવળે તેમની આવકાર નોંધદ્વારા જણાવ્યું છે તેમ આ ગુજરાતી ''રામચરિત માનસ'' ને હિંદી ''રામચરિત માનસ'' સાથે શબ્દશઃ અને પંક્તિશઃ સરખાવવાની ચેષ્ટા કરવાની જરૂર નથી, એને મૂળનો સારો સારાનુવાદ કે સરલીકૃત રૂપાન્તર કહેશો તો ચાલશે.

એક અન્ય હકીકત સૌ વાચકોના લક્ષપર મૂકતા શ્રી અનંતરાય રાવળ જણાવે છે કે : ''આ અનુવાદમાં પ્રધાન કથાના પ્રવાહમાં વિક્ષેપ ન પડે તેટલા સારુ તેમ જ કેટલુંક લંબાણ નિવારવા મૂળ કૃતિમાંથી કેટલુંક છોડી દેવાયું છે.'' જેમ કે : બાલકાંડમાં સતીએ રામના ભગવાનપણાના કરેલા પારખાથી માંડી બીજા ભવમાં તેમના મહાદેવ સાથે થયેલ લગ્નની લાંબી કથા, નારદજીનો કામદેવ જીત્યાનો મદ ભગવાને ઉતાર્યો અને નારદે ભગવાનને શાપ આપ્યો તે પ્રસંગ, રાવણના પૂર્વાવતારવાળા પ્રતાપભાનુ અને કાલકેતુનો પ્રસંગ, રાવણની આ જન્મની અભિમાન પ્રેરિત લીલાઓ, ગંગાવતરણ માટેની સગરપુત્રો અને ભગીરથની કથા અને ગંગાની ઉત્પત્તિની કથા વગેરે પ્રસંગો.

એક વધુ સ્પષ્ટતા પણ કરવી ઉચિત જણાય છે.

પદ્યાનુવાદ પૂર્ણ થયા પછીથી મહાત્મા યોગેશ્વરજીએ બાલકાંડથી ઉત્તરકાંડ સુધીના તમામ સાતેય કાંડોનું કાંડવાર વિહંગાવલોકન પોતાની દૃષ્ટિથી રજૂ કર્યું છે. જેથી વાચકો, શ્રોતાઓ કથા અંગે મનમાં ઊઠતી શંકાઓ, પ્રશ્નો અંગે કંઈક વ્યવસ્થિત જ્ઞાન માની શકશે.

આટલી પ્રાથમિક સ્પષ્ટતાઓ કરીને હવે આપણે કથામૃત પાન કરવા તરફ આગળ વધીએ.

તુલસીદાસજીએ દરેક કાંડની શરૂઆત સંસ્કૃત શ્લોકોદ્વારા કરી છે.

પ્રથમકાંડ બાલકાંડમાં સાત શ્લોકોથી મંગલાચરણ શરૂ કર્યું છે.

શરૂઆતના શ્લોકનું યોગેશ્વરજીએ કરેલ નિરૂપણ જોઈએ.

અક્ષર અર્થ છંદ રસરચના કૃપા કરીને કરનારા,
મંગલકારક સરસ્વતીને આરંભે વંદન મારાં.

વધુ બે શ્લોકનો સ્વાદ પણ જોઈએ.

નિત્ય બોધમય ગુરુદેવશ્રી શંકર પ્રભુને કરું પ્રણામ,
જેમનો લઈ આશ્રય પામે વક્ર છતાં ચંદ્ર બધે માન.
સીતારામગુણોના પાવન વનમાં નિત્ય વિહરનારા,
વિશુદ્ધ વિજ્ઞાની કવિવરને, કવિવરને વંદન મારાં.

હવે પ્રારંભના સોરઠાને તપાસીએ.

ગણનાયક કરિવરવદન બુદ્ધિરાશિ શુભગુણ સદન,
કરો અનુગ્રહ સિદ્ધિદાયક જેનું સુખમય સદા સ્મરણ.
મૂંગા બોલે દિવ્ય વચન, પંગુ ચઢે ગિરિવર ગહન,
કરો કૃપા એ આજ કૃપાળુ, કરો સકળ કલિમલ દહન.
મંગલમય છે જેનું સ્મરણ, શાંતિ પ્રદાયક જેનું શરણ.
નીલ કમળ સમ શ્યામ તરુણ—અરુણ વારિજ નયન,
કરો એ મુજ ઉર ધામ સદા ક્ષીરસાગર શયન.
કુંદ ઈન્દુ સમ દેહ ઉમા રમણ કરુણા અયન,
કરે દીન પર પ્રેમ કૃપા કરો મર્દન મયન.
કૃપા સિંધુ નરરૂપ હરિ ગુરુચરણ કમળમાં કરું નમન,
મહા મોહ તમ પુંજ ગણું તો વચન જેમ જ સૂર્ય કિરણ.
વંદુ સદ્‌ગુરુ ચરણે.



અહીં આપણે જોઈ શક્યા કે, પૂજ્ય યોગેશ્વરજીએ તુલસીદાસજીના કેટલાક ઉત્તમ શબ્દો એમને એમ પ્રાસ મેળવવા તથા એ શબ્દોના સમાનાર્થી શબ્દોથી કાવ્યતત્ત્વ તૂટે નહીં તે આરામથી મૂક્યા છે.

ગણપતિજીની વંદનામાં કરિવર વદન એટલે કે સુંદર હાથીના મુખવાળા તેમ જ વિષ્ણુ ભગવાન માટે તરુણ—અરુણ વારિજ નયન—આ વાક્ય પણ અસલ રાખ્યું છે. વારિજ એટલે કમળ, તરુણ—અરુણ એટલે પૂર્ણ ખીલેલા લાલ, નયન એટલે આંખ.

વિષ્ણુ ભગવાનનું આવું સુંદર વર્ણન અસલ શબ્દો હોવા છતાં ગુજરાતીમાં પણ શોભી ઊઠે છે.

ઉમા—રમણ કરુણા અયન—અહીં અયન એટલે ધામ. અર્થની જગ્યાએ અયન શબ્દ જ રાખી ભોળાનાથની પ્રાર્થના કરી છે. મર્દન—મયન શબ્દ પણ કામદેવને હણવા માટેનો છે. જે ત્રિનેત્રથી કામદેવ દહનનો પ્રસંગ તાદશ્ય કરે છે.

મંગલાચરણમાં આગળ ગુરુચરણની રજ, શંકર ભગવાનના શરીરે ચોળાયેલી ભસ્મ અને ગુરુચરણની જ્યોતિના ગુણ વર્ણવ્યા છે.

આગળ વધતા કહે છેઃ—

રામચરિત્ર મણી માણેકો ગુપ્ત હોય કે પ્રગટ ભલે,
જોઈ પામી શકાય સત્વર ખાણ મેળવી સ્થળે સ્થળે.
જેમ દિવ્ય અમજન થકી સાધક સિદ્ધ સુજાન,
વન પર્વત પૃથ્વી ઉપર અચરજ જુએ મહાન.

મંગલાચરણની સાથે સાથે કથાના પ્રારંભ સાથે સંકળાયેલ બાબતો ગુરુકૃપા, સંશય હરનારા બ્રાહ્મણ, ગુણના ભંડારરૂપ

સજ્જનોને પ્રણામ કરીને આગળ સાધુ ચરિતની વાત આ રીતે કરી છે.

કપાસના નીરસ નિર્મળ ગુણમય ફળ જેવા સાધુ ચરિત,
કષ્ટ સહી બીજાને સુખ દે, ઢાંકે દોષ વળી અગણિત;
અન્ય-કાજ જીવે જે જગમાં, યશ જેઓના જગતપ્રસિદ્ધ,
વંદનીય છે સર્વ કાજ એ ઉપકારોને કરતા નીત.

સંત સમાજનું દર્શન પણ અલૌકિક છે.

મંગલમય આનંદરૂપ છે જંગમ તીરથ સંતસમાજ,
બ્રહ્મવિચાર પ્રચાર સરસ્વતી, રામભક્તિ ગંગાની ધાર.
યમુના કલિમલને હરનારી, વિધિ નિષેધમય ધર્મકથા,
સુણતા સુખ કલ્યાણ આપતી હરિ ને હરની વાત તથા.
એ જ ત્રિવેણી પરમપાવની, તીર્થરાજ શુચિ સંત સમાજ,
અક્ષયવર ત્યાં સુંદર સોહે, નિજધર્મ તમો દૃઢ વિશ્વાસ.
સુણે સ્નેહથી સમજતા સેવે સંત પ્રયાગ,
જીવતા જ ધર્માદિ તે પામી લે ફળ ચાર.
મહિમા સંત સમાગમ કેરો શાસ્ત્રો ને સત્પુરુષો ગાય,
કાયાપલટ થતી જીવતણી સત્સંગ નદીમાં જો નહાય.

સંત સમાગમની છેલ્લી વંદના પણ ખૂબ પ્રેરક છે.

એક હાથનું ફૂલ દે બીજાનેય સુગંધ,
સમતાવાળા મિત્રને શત્રુ વિનાના સંત.
તેમ કરે હિત સર્વનું. સૌને ધરે સુગંધ,
વંદુ પ્રેમે એમને પૂર્ણ પ્રગટ ભગવંત.
સંત સરળ કલ્યાણકર, જાણી અરજ કરું,
રામચરણરતિ આપજો એવી આશ ધરું.

(ક્રમશઃ)



# પૂ. સર્વેશ્વરીમાનું વ્હાલભર્યું દર્શન

ડૉ. ગંભીરભાઇ પટેલ
અરુણાબેન જી. પટેલ

(ધન્ય પ્રસંગ)

હવે સમજાયું ને? અમારા ત્રણમાંથી એકે અચાનક જ પ્રશ્ન કર્યો શું સમજાયું ને? પ્રશ્નના ઉત્તરમાં પ્રશ્ન જ કર્યો. સમજાય તેવો પ્રશ્ન કરો જેથી પ્રત્યુત્તર આપી શકાય. કેવી મુશ્કેલીથી પૂ. માનું નિવાસસ્થાન મળ્યું? અને કેવી સરળતાથી પૂ. માનાં દર્શન માટેની આપણી વિનંતિ સ્વીકારાય! કદી આશા હતી પૂ. માનાં દર્શનની પ્રાપ્તિની! પ્રશ્નકાર સિવાયના બેમાંથી એકે કહ્યું : ધ્યેયની પ્રાપ્તિ અને આનંદ તમારા સઘળા પુરુષાર્થના પ્રમાણમાં હોય છે અને સમજજો અપેક્ષિત પ્રાપ્તિ તમારા આરાધ્યની કૃપાથી થાય છે!

દિવસ હતો ૧૯૯૭—નવેમ્બરની ૬ઠ્ઠી તારીખનો અને સમય હતો ઘોર અંધારી છતાં (શહેરની) ઝગમગતી રાત્રિના લગભગ ૯ (નવ) વાગ્યાનો! અમે ત્રણે ગંગોત્રી, ઉત્તરકાશી, જોશીમઠ અને બદ્રિનાથ વગેરેના નાના પ્રવાસના અંતે દીલ્હી આવી રહ્યાં હતાં પરંતુ ટેક્ષી હરિદ્વાર સુધી જ હતી. અમારી વ્હાલી ભાણજી(ચિ. પદ્મા—કેનેડા)એ પૂ. મા સર્વેશ્વરીની સર્વોત્તમ રીતે સર્વોત્તમ પહેંચાન કરાવી હતી. જો કે અમને કેટલીક જાણ તો હતી જ. વળી એમણે જણાવેલું કે પૂ. મા કેટલોક સમય હરિદ્વાર—આર્યસમાજ ભવનમાં રહેવાનાં છે. તેથી પૂ. માનાં દર્શન કરીને જ જઇએ, એમને મળીએ—મળીએ એવું અંદરથી થયા જ કરતું હતું ને તેથી પૂ. માનાં દર્શનનો નિર્ણય થઇ ગયો. આર્યસમાજ ભવન જવા અંગે રાત્રે ઘણા

ભાઈઓને પૂછ્યું પરંતુ સંતોષકારક માર્ગદર્શન મળતું નહોતું. અમારો નિર્ણય અડગ ને અફર હતો. અમે અથડાતાં કુટાતાં બે ઉતર્યાં ને દીકરીને ટેક્ષીમાં થોભવા જણાવ્યું. અમે થોડે ગયાં– હતાશા નિરાશાને આશા સાથે ચાલવા લાગ્યાં ને અચાનક જ પૂ. સર્વેશ્વરી માની ભવ્ય કૃપા થઈ ગઇ, એક સંતસ્વરૂપ સજ્જન પૂ. મા પ્રેરિત સત્સંગમાં જઇ રહ્યા હતા. અમને આદરપૂર્વક એમની સાથે લીધાં.

અમે અમારી થઈ શકે એટલી ઓળખાણ આપી પૂ. માનાં દર્શનની પરવાનગી માટે વિનતિ કરી અને વાહ! અમને તરત જ એન્ટ્રી મળી ગઇ. પૂ. માની નિખાલસ, પ્રેમાળ, પ્રભાવ-શાળી અને મૌનમુર્તિનાં દર્શનથી અમને દિવ્ય આનંદ થયો અને અમે અહોભાગ્ય બની ગયાં. કેટલીક વાતો કરી પરંતુ લાગ્યું કે જાણે યુગની વાતો કરી. અમે કહ્યું રસ્તો ઢૂંઢતાં અમે બે જ આવ્યાં પરંતુ અમારી દીકરી તો ટેક્ષીમાં રાહ જોઇ રહી છે. અને એને પણ તમારાં દર્શનની તીવ્ર તમન્ના છે, તરત જ પૂ. મા કહે, "એને લઇ આવો!" સાથે એક ગાઇડ પણ મોકલ્યો. દીકરીને લઇને ઝડપથી આવી ગયાં. પૂ. માનાં દર્શનથી દીકરીનો અજંપો ઠર્યો. અમે પછી તો ખૂબ પાસેના સ્વજનોની જેમ વાતે ચઢ્યાં. પૂ. માની નિખાલસતાના ઘડીએ ઘડીએ દર્શન થતાં હતાં. અરુણા (પત્ની) Ex MLA હતાં ને દીકરી રીતા I.T.B.P. નામની પેરા મીલીટરી પોલીસ ફોર્સમાં મેડીકલ ઓફિસર હતી. ગુજરાતની છોકરી આર્મીમાં હોવાનું જાણી પૂ. માને બીજી અનેક હકીકતો જાણવાની ઇંતેજારી ઘણી વધી.

પૂ. માનો આનંદ ચહેરા પર તરવરતો હતો. પૂ. માએ



સત્સંગમાં એકત્ર થએલાં સૌને જણાવ્યું કે આ ત્રણને આપણે સૌ મળીએ. એમની વાતો સાંભળીએ. એ જ આજનો આપણો સત્સંગ બની રહેશે. પૂ. મા અમને અમારા અંગે જાણકારી આપતાં નિવેદનો કરવા જણાવવા લાગ્યાં. ચિ. રીતુને જણાવ્યું કે તું આર્મીમાં કેવી રીતે ગઇ. કઇ પ્રેરણા અપેક્ષાથી ગઇ. વગેરે જણાવવા કહ્યું, ચિ. રીતુ એની વાતો કરવા લાગી. હિમાલય એ એનું મુખ્ય આકર્ષણ હતું તે જણાવ્યું. પૂ. માને ખૂબ આનંદ થવા લાગ્યો–રીતુએ જણાવ્યું હિમાલયના પહાડો, ગુફાઓ, હિમાલય એટલે આર્યોનું આદ્યસ્થાન, તપસ્વીઓની તપોભૂમિ, પુરુષાર્થીઓનું ચિંતનસ્થાન, થાક્યાપાક્યાનો વિસામો. ધર્મનું પિઅર, મહાદેવનું ધામ વગેરે વગેરે હોવાથી મને અત્યંત આકર્ષણ હતું. હિમાલયની પહાડી, વૃક્ષો અને ખળખળ વહેતી શાંત શીતલ નદીઓ વિષે જાણતી હતી, પૂ. મા હાથ ઊંચા કરી કરી આનંદ વ્યક્ત કરતાં હતાં. જેમ જેમ રીતુ બોલતી જતી તેમ તેમ પૂ. માનાં આનંદમાં વૃદ્ધિ થતી હતી. આ પછી અરુણા-ને બોલવા જણાવ્યું. અરુણાએ કહ્યું, મારા માટે પૂ. સર્વેશ્વરી મા પછી પ્રથમ તો એ મારી નાનકી સરોજ છે. સાંભળતાં જ પૂ. મા સર્વેશ્વરીનો આનંદ આસમાને પહોંચ્યો. ખૂબ પ્રફુલ્લિત બની ગયાં. આર્યકન્યા વિદ્યાલયમાં હું પૂ. માની બેન પૂ. શુશીલાબેન જોડે ભણતી. ત્યાં પૂ. મા એમનાં માતાપિતા ને ભાઇબેનો જોડે આવતાં ત્યારથી હું પૂ. માને જાણું છું. આધ્યાત્મ તરફ વળેલાં તે જાણું છું અને હું ભણીને ગૃહસ્થી બની. રાજકારણમાં ગઇ. થોડાં કામો કર્યાં. પછી થયું બાળકો-નાં ઉછેર પછી મને પણ બોલવા જણાવ્યું. મેં ટુંકમાં અમારો ઇતિહાસ જણાવ્યો ને ચિ. રીતુને એની તીવ્ર ઇચ્છા હિમાલય

તરફ જઇ કામો કરવા-ની હોવાથી એને I. T. B. P. માં કામ મળતું હોવાથી ત્યાં જવાની અમે પરવાનગી આપી. અમારા નિર્ણયો પૂ. માને ગમ્યા હોવાનું લાગ્યું ને તેથી અમને પણ આનંદ થયો.

અમને ત્રણેને તે રાતે ત્યાં જ રોકાઇ જવા પૂ. મા સહિત સૌ સત્સંગીઓએ ખૂબ જ પ્રેમસહિત આગ્રહ કર્યો. તે આજ સુધી ભૂલ્યાં નથી. ભૂલાશે નહિ. પૂ. મા આગ્રહ કરતાં જાય અને અનેકાનેક ચીજો આપતાં જાય. રસ્તે ખાજો કહેતાં જાય. અમારી એક બેગ ભરાઇ ગઇ. એજ રાત્રે હરિદ્વાર, દિલ્હી માટે અને બીજે દિવસે દિલ્હી વલસાડ(ગુજરાત)નું ટ્રેનનું રીઝર્વેશન આગળથી થઇ ગયું હતું, જેથી રોકાઇ શકેલાં નહિ તે બદલ દુઃખ થયું હતું. પરંતુ જે પ્રેમ, જે માર્ગદર્શન અને જે પ્રેરણા થોડાક જ સમયમાં અમને મળેલાં તેનું વર્ણન શબ્દોમાં કેમ જ થઇ શકે! માત્ર કલ્પના જ થઇ શકે. અમને છતાં ઘણીવાર કાલ્પનીક જીવનમાં સ્મૃતિ કરાવ્યા કરે. એ સ્મૃતિ અમને પૂ. માનાં દર્શન કરાવ્યા કરે છે. આ પ્રસંગ અમારા માટે અવિસ્મરણીય અને ધન્ય બની ગયો છે. એક વખતનાં દર્શનથી ધન્ય થયાં છીએ પરંતુ ભરચક થવાની પ્રતિક્ષામાં છીએ.

સપરિવાર અમે સૌ એકીસાથે હાથ ઊંચા કરી પૂર્ણ આવેગથી ખુલ્લા હાસ્યથી ભરપૂર પૂ. સર્વેશ્વરીમાનાં દર્શનની અભિ-લાષામાં છીએ. ફરી સમજાયું ને? પ્રાપ્તિ કેમ થશે? પૂ. મા જ એ આશા પૂરી કરશે! કરાવશે!

ધન્ય મા તું—અગણિત સાષ્ટાંગ પ્રણામ તને!

○



# પિતાની પુત્રને ઉમદા શીખ

**ડો. ચિંતન વ્યાસ**

[સુરતની સિવિલ હોસ્પીટલના આંખના સર્જન ડો. ચિંતન-ભાઇ વ્યાસે તેમના પુત્રને ઉદ્દેશીને લખેલી આ વાતો સહુને વાંચીને વિચારવા જેવી હોઇ અત્રે રજૂ કરી છે. મને ખાત્રી છે કે તે સહુને ગમશે. —તંત્રી]

આજે તને થોડી વાત કહેવી છે. જે મારા અનુભવના પરિપાકરૂપે તને કહેવાનું મન થયું છે. જે સદાય યાદ રાખજે.

(૧) હંમેશાં સારાં પુસ્તકો વસાવતો રહેજે, ભલે પછી એ કદીય વંચાય ન વંચાય.

(૨) કોઇને પણ વિશે આશા સાવ ત્યજી દેતો નહીં. ચમત્કારો આજે પણ બનતા જ હોય છે.

(૩) તંદુરસ્તી એમ ને એમ જળવાઇ રહેવાની છે, એમ તું ન માનતો.

(૪) તારી નજર સામે સતત કશુંક સુંદર રાખજે, ભલે પછી તે એક પ્યાલામાં સુંદર ફૂલ મૂકેલું હોય.

(૫) આપણાથી જરીક જેટલું થઇ શકે તેમ છે એવું લાગે, માટે કશું જ કરવું નહીં, એમ નહીં. પરંતુ તારાથી જે થોડુંક પણ થઇ શકે તે જરૂર કરજે જ.

(૬) સંપૂર્ણતા માટે નહીં પણ શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરજે.

(૭) જે તુચ્છ છે તેને પારખી લેતાં શીખજે, ને પછી તેની અવગણના કરજે.

(૮) ઘસાઇ જજે, કટાઇ ન જતો. પોતાની જાતને સતત સુધારતા રહેવાની પ્રતિજ્ઞા લેજે.

(૯) હારમાં ખેલદીલી બતાવજે. જીતમાં ખેલદીલી બતાવજે. પ્રશંશા જાહેરમાં કરજે, ટીકા ખાનગીમાં કરજે.

(૧૦) લોકોમાં જે સારપ રહેલી છે તને ખોળી કાઢજે.

(૧૧) તારા કુટુંબને તું કેટલું ચાહે છે તે દરરોજ તારા શબ્દોવડે, સ્પર્શવડે, તારી વિચારશીલતાવડે બતાવતો રહેજે.

(૧૨) પોતાની જાતમાં પરિવર્તન લાવવાની આપણી શક્તિનો આંક કદી ઓછો ન આંકવો, બીજાઓમાં પરિવર્તન લાવવાની આપણી શક્તિનો વધુ પડતો આંક ન આંકવો.

(૧૩) ક્યારે મૂંગા રહેવું તેનો ખ્યાલ રાખજે. ક્યારે મૂંગા ન રહી શકાય તેનો પણ.

(૧૪) ગંદકી સામે જંગ માંડજે.

(૧૫) બીજાઓની સફળતા વિશે ઉત્સાહ અનુભવજે. બીજા લોકોને એમનું પોતાનું મહત્ત્વ ભાસે તેમ કરવાની તકો શોધતો રહેજે.

(૧૬) પોતાના ગુજરાન માટે કામ કરતાં દરેક માણસ સાથે સન્માનથી વર્તજે. ભલે એ કામ ચાહે તેવું નજીવું હોય.

(૧૭) એવી રીતે જીવજે કે તારાં બાળકો જ્યારે પણ ઈમાનદારીનો, નિષ્ઠાનો અને પ્રમાણિકતાનો વિચાર કરે ત્યારે એ તને સંભારે.

(૧૮) જેમને એ વાતની કદી જાણ પણ થવાની ન હોય, એવા લોકો માટે કશુંક સારું કરતાં રહેવાની આદત કેળવજે.

(૧૯) વિચારો મોટા કરજે, પણ નાના નાના આનંદો માણી જાણજે.

(૨૦) ગુલાબોની સુવાસ માણવાનો સમય ફાળવજે.



(૨૧) દિમાગ મજબૂત રાખજે, અને કાળજુ કૂણું.

(૨૨) કોણ સાચું છે તેની ફીકર કરવામાં સમય ઓછો ગાળજે, અને શું સાચું છે તે નક્કી કરવામાં વધારે સમય ગાળજે.

(૨૩) એકંદર યુદ્ધમાં વિજય મેળવવા માટે નાની નાની લડાઈઓમાં હારતાં શીખજે. ક્યારેક નિષ્ફળ જવાની પણ તૈયારી રાખજે.

(૨૪) જે ગાંઠ છૂટી શકે તેને કદી કાપતો જ નહીં.

(૨૫) દરેક ચીજ જે હાલતમાં મળી હોય તેના કરતાં સારી સ્થિતિમાં તેને મૂકતા જવું.

(૨૬) યાદ રાખજે કે સફળ લગ્નજીવનનો આધાર બે વસ્તુ ઉપર રહે છે. યોગ્ય પાત્ર શોધવું અને યોગ્ય પાત્ર બનવું.

(૨૭) તને વખત નથી મળતો, એમ કદી ન કહેતો. એક દિવસના તને પણ એટલા જ કલાકો મળે છે જેટલા હેલન કેલરને, મધર ટેરેસાને અને આઈન્સ્ટાઈનને.

(૨૮) એટલું સમજજે કે સુખનો આધાર માલમિલ્કત, સત્તા કે પ્રતિષ્ઠા ઉપર નહીં, પણ આપણે જેને ચાહતા અને સન્માનતા હોઈએ, તેવા લોકો સાથેના આપણા સંબંધો પર રહે છે.

(૨૯) તને જે માન મળે તેમાં બીજાને સહભાગી બનાવજે.

(૩૦) તારાં બાળકોને નિયમિત કશુંક વાંચી સંભળાવજે. તારાં બાળકોને સદાય સાંભળજે.

(૩૧) મને ખબર નથી એમ કહેતાં ડરતો નહીં, મારાથી ભૂલ થઈ ગઈ એટલું બોલતાં ખચકાતો નહીં.

**એજ લિ.**

**તને ખૂબ પ્રેમ કરતાં તારા પિતાના આશીર્વાદ.**

# ધર્મ એટલે જીવન જીવવાની કળા

પૂ. શ્રી રાકેશભાઇ ઝવેરી

[પૂ. શ્રી રાકેશભાઇ ઝવેરી પ. પૂ. શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયી છે. એટલું જ નહિ, પણ તેઓશ્રીએ શ્રીમદ્‌ના ઉપ-દેશને જીવનમાં બરાબર પચાવ્યો છે. વળી તેઓ તે પ્રમાણેનું જીવન જીવે છે અને સદ્‌ગુરુના કૃપાપ્રસાદથી જે લેખન અને વક્તવ્યની શક્તિ પ્રાપ્ત થઈ છે, તેને સમાજના બહોળા વર્ગને શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર મુંબઈ અને મોહનગઢ—ધરમપુરદ્વારા—તેનો લાભ આપી રહ્યા છે.

અહીં 'દુઃખ સુખરૂપ થઇ પડે'ના વ્યાખ્યાનમાંથી થોડો ભાગ અધ્યાત્મના વાંચકોને પણ ઉપયોગી થશે, એમ જાણીને સાદર રજૂ કર્યો છે. ધ્યાનથી વાંચનારને તેથી લાભ થશે.

—તંત્રી]

## સ્વરૂપથી દૂર તેથી દુઃખી

જીવનમાં રૂપાંતરણ લાવો. કેવી નાની નાની વાતમાં તમે ઉત્તેજિત થઇ જાઓ છો! લોકો તો ગમે તે કરશે. માન પણ આપશે અને અપમાન પણ આપશે પણ એમાં તમે કેમ તણાઇ જાઓ છો? માન—અપમાનની પ્રક્રિયા અનાદિથી ચાલી આવી છે અને ચાલશે. તમે એમાંથી મુક્ત થાઓ. નાની નાની વાતો-માં ક્લેશકટુતા કેમ ઊભાં કરો છો? સ્વરૂપ શાંતિમય છે, સુખધામ છે અને જો તમે આટલી નાની વાતમાં ઉત્તેજિત થઇ જાઓ છો, તો તમે કેટલા દૂર છો તમારા ઘરથી, તમારા સ્વરૂપથી?!

મુલ્લાજી એક વાર ખૂબ disturbed (અશાંત) હતા.



રસ્તામાં કોઈએ પૂછ્યું, 'મુલ્લાજી! તમારી ઘડિયાળમાં કેટલા વાગ્યા?' તો તરત તડૂકીને બોલ્યા, 'તમારે શું કામ છે મારી ઘડિયાળનું? મારી ઘડિયાળ વિષે પૂછનાર તમે કોણ?' જુઓ, આટલી નાની વાતને પણ કેટલું મોટું, કેવું વિપરીત સ્વરૂપ આપી દીધું! મગજ ઠેકાણે ન હોય, અહંકાર છંછેડાયેલો હોય તેથી આછું બહાનું મળતાં જ પ્રતિક્રિયા ફાટી નીકળે છે.

## ઈચ્છાને કારણે દુઃખ

આ જીવનમાં આટલું બધું દુઃખ કેમ છે? જો તમારા જીવનમાં ખૂબ દુઃખ છે તો તેનો અર્થ એ છે કે તમે ખૂબ મહેનત કરી હશે તેને ઉત્પન્ન કરવા માટે, ખૂબ સાધના કરી હશે તેને પ્રાપ્ત કરવા માટે, ખૂબ કુશળતા હશે તમારામાં તેને સર્જિત કરવાની, સાચવવાની...

દુઃખ કંઈ મફત નથી મળતું. દુઃખ પ્રાપ્ત કરવા મહેનત કરવી પડે છે, કિંમત ચૂકવવી પડે છે. આનંદ તો મફત મળે છે કારણ કે આનંદ આપણો સ્વભાવ છે, જ્યારે દુઃખ ઉત્પન્ન કરવું પડે છે.

આપણી ઈચ્છા વચમાં આવે છે અને તેથી દુઃખ ઊભું થાય છે. આપણી મરજીને હટાવીએ એની સાથે જ દુઃખ મટી જાય. ઈસુએ કહ્યું, 'પ્રભુ! તારી મરજી પ્રમાણે થાઓ. તારી મરજી પૂરી થાઓ. Thy will be done.' એને બદલે જીવ તેની પોતાની મરજી પૂરી થાય એનો આગ્રહ રાખે છે. જે જીવ બધું પ્રભુની મરજી ઉપર છોડે છે તેને કષ્ટ મળે તોપણ તે દુઃખી થતો નથી કારણ કે એમાં પણ તે પ્રભુની મરજી સમજે છે; અને જે જીવ પોતાની મરજીનો આગ્રહ રાખે છે તેને બધું બરાબર હોય છતાં દુઃખી રહે છે કારણ કે તેની ઈચ્છા પ્રમાણે ન થયું. પોતાની શરત વચ્ચે નાંખે તેથી ભેદ શરૂ થાય. રેલના પાટા

નંખાયા તેથી બોરિવલી (પૂર્વ) અને બોરિવલી (પશ્ચિમ) બન્યા. હવે બેમાંથી એક જ મળે. તેમ શરત નાંખી કે પરિસ્થિતિને બેમાં વહેંચી—સુખરૂપ કે દુઃખરૂપ. હવે બેમાંથી એક જ મળે. જો પ્રભુની મરજી—હરિઇચ્છા માનવામાં આવે તો દરેક પરિ-સ્થિતિમાં આનંદિત રહી શકાય.

**જન્મે આનંદ સાથે, મરે દુઃખ સાથે**

જો કોઇ કષ્ટ આવે તો તેની પાછળ પણ કોઇ રહસ્ય હશે. જો કાંટા મળે તો જરૂર સાવધાની રાખવાનો અભ્યાસ કરાવતા હશે. પથ્થર મળે તો જરૂર સીડી બનાવવાનો ઉપદેશ છે. જરૂર જાગૃત કરવા માટે આ પ્રતિકૂળતા મોકલી છે...એવું ચિંતન થાય. જેણે બધું પરમાત્મા ઉપર છોડ્યું છે, તેને માટે દુઃખ પણ સુખરૂપ જ હોય છે અને જેણે બધું પોતાના હાથમાં રાખ્યું છે, તેનું સુખ પણ દુઃખરૂપ બને છે.

દુઃખ ઊભું કરવાની આપણી કળા અદ્‌ભુત છે. માણસ જન્મ્યો ત્યારે દુઃખ વિના જન્મ્યો હતો પણ આ કળામાં નિપુણ થઇ તે એવો તો દુઃખી થયો કે બહુ જ ઓછા માણસો આનંદિત બનીને વિદાય લે છે આ સંસારમાંથી, બહુ જ ઓછા બુદ્ધ બનીને છોડે છે આ જગતને... બધા આનંદ લઇને જન્મે છે પણ બહુ ઓછા આનંદપૂર્વક મરે છે. દરેક બાળક નિર્મળતા લઇને જન્મે છે પરંતુ કંઇક એવું કરે છે જીવનમાં કે જેથી નિર્મળતા વિના મરે છે.

જરૂર કોઇ ભૂલ રહી છે. સુખ મેળવવાનો કોઇ જુદો જ રસ્તો બતાવવામાં આવે છે, સમજવામાં આવે છે, આચરવામાં આવે છે. સુખી થવું છે તો દોડો. વધુ ધન હશે વધુ સુખી થશો. ઊંચા પદે હશો, સન્માન મળશે તો સુખી થશો... ધન



આવશ્યક છે, પદ આવશ્યક છે પણ તેનાથી સુખશાંતિ મળશે એ ભ્રમ છે, મિથ્યા છે. તેના માટે છે ધ્યાન, જે ભુલાયું છે. ધન—પદ સાથે સુખને સંબંધ નથી. સમાજમાં તે આવશ્યક છે પરંતુ સુખ ભીતર છે. ભીતર ડૂબકી મારવાથી એ મળે છે. ભીતર ગયેલા પાસે ધન હોય તો ધન પણ સુખરૂપ નીવડે છે અને ધન ન હોય તોપણ તે સુખી જ છે. તેની પાસે જાદુ છે. ભીડમાં એકલો, કોલાહલમાં સંગીત...જળમાં ચાલે છતાં ભીનો ન થાય!!!

**અદશ્યપર છોડવું**

મારા જીવનમાં દુઃખ જ દુઃખ કેમ છે? જો જ્યોતિષીને પૂછશો તો કહેશે—ગ્રહોની સ્થિતિ. જો તથાકથિત ધાર્મિકને પૂછશો તો કહેશે—પૂર્વકર્મનાં ફળ, પાપનો ઉદય. તમને રાહત મળશે, સાંત્વના મળશે. તમે ખોટા કે ખરાબ નથી, પાછલા જન્મોનાં પાપનું ફળ નડે છે. જવાબદારીમાંથી છટકવાની સુવિધા છે—કર્મ! જે દેખાતું નથી તેની ઉપર બધું ઢોળી દેવું એનું નામ છે—'ધાર્મિકતા!'

એક દુકાનની બહાર લખ્યું હતું કે અહીં એવી અદશ્ય પીન મળશે કે જે તમારી સુંદરતાને વધારશે. એક સ્ત્રી ગઇ લેવા. ડબ્બી ખરીદી. ખોલી. કંઇ દેખાયું નહીં. પૂછ્યું કે અંદર પીન કેમ નથી? દુકાનદારે કહ્યું, 'અદશ્ય કઇ રીતે દેખાય?' સ્ત્રીએ પૂછ્યું, 'પણ ચોક્કસ છે ને આમાં?' દુકાનદારે કહ્યું, 'શું વાત કરું? ખૂબ વેચાય છે! ત્રણ અઠવાડિયાથી સ્ટોકમાં નથી છતાં વેચાણ ચાલુ છે!!!'

અદશ્ય પર ઢોળી દેવું—અંતરાય કર્મનો ઉદય, વેદનીય કર્મનો ઉદય, જ્ઞાનાવરણીય કર્મનો ઉદય... આ ઉદય કપાઇ

જશે એટલે બીજા જન્મમાં સુખ જ સુખ મળશે! આવા સિદ્ધાંત-ના કારણે ધર્મ લોપ થતો જાય છે. મહેનત કરે નહીં અને આરોપ જ્ઞાનાવરણીય પર! ખાવાપીવાની સંભાળ રાખે નહીં અને આરોપ વેદનીય પર! જાગૃત રહે નહીં અને આરોપ મોહનીય પર! ખોટી ખોટી ઈચ્છાઓ કર્યા કરે અને બધી પૂરી ન થાય તો આરોપ અંતરાય કર્મ પર! આ બધું હોય અને છતાં સુખી રહેવાય એ છે ધર્મ. કર્મનો ઉદય હોય ત્યારે દુઃખી અને પછી સુખી—એ ધર્મ નથી. ભલે ઉદય હોય પણ સુખી કેમ રહેવું એ કળાનું નામ છે ધર્મ. ધર્મ ઉધારની નહીં, રોકડાની વાત છે. અગ્નિમાં હાથ આજે નાંખો અને દાઝવાનું કાલે?!

**પ્રતીક્ષા નહીં કરો, કળા શીખી લો**

તમારું દુઃખ એ પાછલા જન્મોનું ફળ નથી, વર્તમાન અભિપ્રાય—પરિણામનું ફળ છે. જો આ વાત સ્વીકારાશે તો વધુ દુઃખી નહીં થવાશે પણ દુઃખની જવાબદારી સ્વીકારવાથી દુઃખ, દુઃખના કારણથી મુક્ત થવાશે. તમારા દુઃખ માટે જો તમે જ જવાબદાર છો અને જો વર્તમાનમાં તમારું જેવું હોવું એ જ જવાબ-દાર છે તો કંઈ થઈ શકે એમ છે. તમે કંઈ કરી શકો એમ છો.

સુખની આકાંક્ષા છોડો. સુખ નિર્મિત કરો. આકાંક્ષા એટલે બહારથી કંઈ થશે અને અંદર કંઈક મળશે. ના. રૂપાંતરિત થવાથી સુખી થવાશે. સુખ નહીં, આનંદ જોઈએ કે જે ભીતર છે. જેમ જેમ ભીતર જશો, સુખ મળશે. બહાર જશો તો દુઃખી થશો. વિશ્લેષણ કરવામાં, અરસપરસ જણાવવામાં—આપલે કરવામાં—સમજાવવામાં બહાર જવાય છે. તમે નહીં બદલાશો તો સુખી નહીં થશો.

આજે જ દુઃખથી મુક્ત થઈ શકાય છે, કર્મો પૂરાં થાય પછી



નહીં. પ્રતીક્ષા કરવાની જરૂર નથી. કળા શીખી લો. દુઃખ ઊભું કરવાની કળા તમારામાં છે તે જાણો અને તેને ટાળો. આનંદિત થવાની કળા જાણો અને એને આચરો. સુખી થવું એ પરનિર્ભર વાત નથી, આત્મનિર્ભર છે. બહારના દીપકનો ભરોસો છોડો. ભીતરનું અંધારું હટાવો. કોઈ પણ બાહ્ય પરિસ્થિતિથી તમારું અંધારું નહીં મટે. એની પ્રતીક્ષાથી તો દુઃખ વધશે. તમારી ભીતર ખોદવાનું શરૂ કરો. ભીતરનો કૂવો ખોદવાનું શરૂ કરો. જેમ જમીનની નીચે જળસ્રોત છે; તેમ તમારી ભીતર પણ સુખનો સમુદ્ર છે, આનંદનો સ્રોત છે. તેનો આવિષ્કાર કરો.

**જીવવાનો ઢંગ વ્યર્થ**

જ્યાંસુધી ભીતર વળવાના પ્રયત્ન નહીં થાય, ત્યાંસુધી જીવનમાં આનંદનો, શાંતિનો, સંગીતનો, નૃત્યનો અનુભવ નહીં થાય. જીવન દુઃખમય, શુષ્ક, નીરસ વ્યતીત થઈ રહ્યું હોય એવું અનુભવાશે. એક યુવકે મને પૂછ્યું : 'જીવન કેમ વ્યર્થ લાગે છે?' મેં કહ્યું કે જીવન તો કોરો કાગળ છે. જે લખશો તે જ વાંચશો. ગાળો પણ લખી શકાય, ગીત પણ લખી શકાય. ગાળો પણ એ જ વર્ણમાળામાંથી બને છે કે જેમાંથી ગીત બને છે. વર્ણમાળા તો નિરપેક્ષ છે, નિષ્પક્ષ છે. જે પેનથી લખો છો એ પણ નિરપેક્ષ છે. તમારી ઉપર નિર્ભર છે. તમે જે ઢંગથી જીવન જીવ્યા હશો એના કારણે તે વ્યર્થ લાગે છે. તમારી જીવવાની રીતમાં ભૂલ છે.

જીવનને વ્યર્થ નહીં કહો. તમારા જીવવાના ઢંગને વ્યર્થ કહો. જીવન ન સાર્થક છે, ન વ્યર્થ. જીવન તો નિષ્પક્ષ છે. અગર જીવન વ્યર્થ છે તો તેનો અર્થ છે—તમે જીવન જીવવાની કળા શીખ્યા નથી. તમે એમ માનીને ચાલો છો કે જાણે જીવન-

માં કોઈ ready-made (પૂર્વનિર્મિત) અર્થ છે. જીવન કાંઈ ready-made પેન્ટ જેવું નથી. જીવન તો કાપડ છે. તેમાંથી પેન્ટ બનાવવાનું છે. જેવું બનાવશો તેવું અનુભવશો.

જીવન વ્યર્થ છે એમ ન કહો. એમ કહો કે મારા જીવવાના ઢંગમાં કોઈ એવી ભૂલ છે કે જેના કારણે મને મારું જીવન વ્યર્થ લાગે છે. બુદ્ધનું જીવન વ્યર્થ નથી. ઈસુનું જીવન વ્યર્થ નથી. મહાવીરનું જીવન વ્યર્થ નથી. મહંમદનું જીવન વ્યર્થ નથી. તેમના જીવનમાં સુગંધ છે, સંગીત છે, પ્રકાશ છે, નૃત્ય છે. તમારા જીવનમાં દુર્ગંધ છે, અંધકાર છે, થાક છે, બેસૂરાપણું છે તેનું કારણ માત્ર તમે છો. તમને જીવન જીવવાની કળા આવડતી નથી.

### ધર્મ : જીવવાની કળા

હું ધર્મને જીવન જીવવાની કળા કહું છું. સૂત્ર કંઠસ્થ કરવાં, ભૂખ્યા રહેવું—શું આ ધર્મ છે? ધર્મ તો છે જીવનની કળા. જીવન એવી રીતે જીવી શકો—કલાત્મક ઢંગથી, પ્રસાદપૂર્ણ રીતથી કે જેથી તમારા જીવનમાં હજાર પાંખડીવાળું કમળ ખીલે. સુગંધ જ સુગંધ હોય. એવું ગીત ફૂટે જાણે કે કોયલ. તમારી ચાલ નૃત્ય બની જાય. આ જ પૃથ્વીપર, આ જ હાડમાંસના દેહમાં ઘણા સાર્થક જીવન પણ જીવી ગયા છે. ધર્મના કારણે.

જરા આંખ ખોલીને જુઓ. આંખ બંધ કરીને તમે ગુલાબના ફૂલને બદલે થોરને તો નથી પકડી લીધોને? પછી કાંટા વાગે તો દોષ કોનો? એમ નહીં કહો કે દુનિયા ખોટી છે. તમે આંખ ખોલ્યાવિના થોરને પકડી લીધો એ અંધત્વના કારણે તમે દુઃખી છો. આંખ ખોલ્યાવિના અર્થાત્ ધ્યાનરહિત જે જીવશે તેનું



જીવન વ્યર્થ જ હશે, અસાર જ હશે. જે વ્યક્તિ ધ્યાન સહિત જીવશે તેનું જીવન સાર્થક હશે.

તમારા જીવનનું ઘડતર તમારે જ કરવાનું છે. તમે જ તમારા જીવનને અર્થપૂર્ણ બનાવી શકો છો, જેમ મૂર્તિકાર મૂર્તિ ઘડે છે. ઈંચ ઈંચ તોડે છે પથ્થરને. સંભાળીને ઘડે છે. તેમાંથી મૂર્તિ નિર્મિત કરે છે. જીવનને સાર્થક કરવું હોય તો કળા શીખવી પડશે—જીવન જીવવાની કળા. પ્રાર્થનાપૂર્ણ—ધ્યાનપૂર્ણ બનવું પડશે. બાહ્ય ભાવે થતી બાહ્ય ક્રિયાઓ કે શુષ્કજ્ઞાનથી કાર્ય સિદ્ધ નહીં થાય માત્ર ભૂખ્યા રહેવાથી, પોપટની જેમ જાપ કરવાથી કે શાસ્ત્રો વાંચવાથી, ગોખવાથી, ચર્ચા કરવાથી, સિદ્ધિ નહિ મળે. આત્માની ઓળખ નહિ થાય. (ક્રમશઃ)

આસક્તિ એ આપણાં ઘણાં દુઃખોનું મૂળ છે. આસક્તિ એ આપણે સર્જેલો એક મોટો અવરોધ છે. અનાસક્તિવડે આપણે આ અવરોધને ઓળંગી શકીએ.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૮૨૪૭૦૪૦૯૭

દીપક સી. મહેતા

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

## મૃત્યુ ટાળવાની ને રોગનિવારણની

# અદ્‌ભુત ઘટનાઓ

મૂળ લેખક : સ્વામી રામ
અનુ. : કુંદનિકાબેન કાપડીઆ

[સ્વામી રામ—ભારત અને વિદેશોમાં ઠીક ઠીક જાણીતા છે. તેઓએ અંગ્રેજીમાં કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે, જેમાં તેઓશ્રીના જીવનની અદ્‌ભુત ચમત્કારિક ઘટનાઓનો ઉલ્લેખ છે. આવા પુસ્તકોમાંનું એક ખૂબ જાણીતું પુસ્તક છે Living with the Himalayan Masters' તેનું સંકલન સ્વામી અજયે કર્યું છે. તેનો ગુજરાતી અનુવાદ શ્રી કુંદનિકાબેન કાપડીઆએ ખૂબ કુશળતા અને સફળતાપૂર્વક કર્યો છે. અને એનું નામ છે 'હિમાલયના સિદ્ધયોગી.'

આ પુસ્તકમાં ઘણી બધી અદ્‌ભુત ઘટનાઓનો ઉલ્લેખ છે તેમાં એક સમર્થ સદ્‌ગુરુ પોતાના શિષ્ય શ્રી રામના મૃત્યુને કેવી રીતે ટાળે છે તેની વાત છે. તો આ જ ગુરુ બીજા એક ભક્તના હેમરેજને પોતાના સંકલ્પબળથી—સ્વામી રામને માધ્યમ બનાવી—આશ્ચર્ય ઉપજે એ રીતે સાજા કરી દે છે. આજના વિજ્ઞાનયુગમાં આવી વાતોમાં તર્કપ્રધાન માનવોને વિશ્વાસ ના બેસે છતાં જે હકીકત છે, તેને કેમ કરી અવગણી શકાય! —તંત્રી]

૧. મૃત્યુ સાથે મુલાકાત

આ કથાનો પૂર્વ ભાગ હું સાત વર્ષની ઉંમરનો હતો ત્યારનો છે. અંતિમ ભાગ હું અઠ્ઠાવીસ વર્ષનો હતો ત્યારનો.

હું સાત વર્ષનો હતો, ત્યારે મારા એક સ્વજનો બનારસના કેટલાક વિદ્વાન પંડિતો અને જ્યોતિષીઓને મારું ભવિષ્ય



જાણવા માટે બોલાવેલા. હું બારણાની બહાર ઊભો રહીને, તે લોકો જે કહેતા હતા તે તેમની જાણ બહાર સાંભળતો હતો. એ બધાએ કહ્યું : 'આ છોકરો અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે મૃત્યુ પામશે.' અને તેમણે ચોક્કસ દિવસ પણ કહ્યો.

હું એટલો વ્યગ્ર થયો કે ડૂસકાં ભરીને રડવા માંડ્યો. પછી મને વિચાર આવ્યો : મારું આયુષ્ય તો આટલું ટૂંકું છે. હું કાંઇ પણ પ્રાપ્તિ કર્યાવિના જ મરણ પામીશ. મારું જીવનકાર્ય હું શી રીતે પૂરું કરી શકીશ?

મારા ગુરુ આવ્યા અને પૂછવા લાગ્યા : 'કેમ રડે છે?'

'હું તો મરી જવાનો છું', મેં કહ્યું.

'કોણે તને એવું કહ્યું?'

મેં કહ્યું : 'આ બધા લોકોએ.' અને મેં અંદર એકઠા થયેલા જ્યોતિષીઓ ભણી આંગળી ચીંધી.

એમણે મારો હાથ પકડ્યો અને કહ્યું : 'ચાલ.' તેમણે મને રૂમમાં લઇ જઇ જ્યોતિષીઓ સમક્ષ ઊભો કરી દીધો. 'તમે ખરેખર એમ કહેવા માગો છો કે આ છોકરો અઠ્ઠાવીશ વર્ષની ઉંમરે મરણ પામશે?' તેમણે પૂછ્યું.

એકીસાથે અવાજ આવ્યો : 'હા.'

'તમને ખાતરી છે?'

'હા, એ વખતે એ મૃત્યુ પામશે. અને કોઇનામાં એ અટકાવવાની તાકાત નથી.'

મારા ગુરુ મારી તરફ ફર્યા એ બોલ્યા : 'તને ખબર છે? તારા પહેલાં આ બધા જ્યોતિષીઓ મૃત્યુ પામશે અને તું તો લાંબો વખત જીવશે, કારણ કે હું તને મારાં વર્ષો આપીશ.'

પેલાઓએ કહ્યું : 'એવું શી રીતે બની શકે?'

મારા ગુરુએ ઉત્તર આપતાં કહ્યું : 'તમારી આગાહી ખોટી છે. જ્યોતિષશાસ્ત્રની પાર પણ કંઈક છે.' પછી મને કહ્યું : 'ચિંતા કરીશ નહિ. પણ તારે એ દુર્ભાગી દિવસે મૃત્યુનો સાક્ષાત્ અનુભવ તો કરવો પડશે.'

વચ્ચેનાં વરસોમાં આ ભવિષ્યકથન વિશે હું બધું ભૂલી ગયો હતો.

હું અઠ્ઠાવીસ વર્ષનો થયો ત્યારે મારા ગુરુએ મને હૃષી-કેશથી ૬૦ માઈલ દૂર ૧૧,૧૧૦ ફૂટની ઊંચાઈએ એક પહાડના શિખર પર જવાનું કહ્યું. ત્યાં મેં નવ દિવસ દુર્ગાપૂજા કરી. મેં લાકડાની સપાટો અને કૌપીન પહેર્યાં હતાં. સાથે શાલ અને પાણીનું એક કમંડળ હતું. એ સિવાય બીજું કશું મારી પાસે નહોતું. હું જગદંબાની સ્તુતિઓ ગાતો અને શ્લોકો ઉચ્ચારતો મુક્તપણે પહાડોમાં ફરતો હતો. પહાડો તો મારું ઘર હતા. એક વાર હું ૨૦,૦૦૦ ફૂટ જેટલો ઊંચે ચડ્યો હતો અને મને આત્મવિશ્વાસ હતો કે હું કોઈ પણ પહાડ વિશેષ સાધનોની મદદ વગર પણ ચડી શકું.

એક દિવસ હું એક સીધી ભેખડની ધાર પર ગાતો ગાતો ચાલતો હતો. એ એકાંતમાં જાણે હું જ ઈશ્વર હોઉં એવું મને લાગતું હતું. હું પહાડોની ટોચ તરફ ચડતો હતો ત્યાં એક નાનું મંદિર છે. ત્યાં મારે જગદંબાની પૂજા કરવી હતી. ચારે તરફ પાઈનનાં વૃક્ષો હતાં. અચાનક પાઈનની ખરેલી સળીઓ પરથી મારો પગ લપસ્યો અને હું ગલોટિયાં ખાતો નીચે પડવા લાગ્યો. મને થયું કે ખલાસ, હવે જીવનનો અંત આવી ગયો. પણ હું ૫૦૦ ફૂટ જેટલો ગબડ્યો કે એક નાની કાંટાળી ઝાડી આવી. એની એક અણિયાળી ડાળી મારા પેટમાં ઘૂસી ગઈ અને તેને લીધે હું અટકી પડ્યો. મારા વજનથી ઝાડી હલવા



લાગી. પહેલાં મેં પહાડ તરફ જોયું પછી નીચે ખીણમાં વહેતી ગંગા તરફ. મેં આંખો બંધ કરી દીધી. પછી મેં ફરી આંખો ઉઘાડી ત્યારે, ડાળી પેટમાં જ્યાં ઘૂસી ગઈ હતી ત્યાંથી મેં લોહી વહેતું જોયું. પણ સાક્ષાત્ મૃત્યુ સામે આવી ઊભું હતું, એની આગળ એની શી વિસાત? મૃત્યુની બીકમાં મેં એ પીડા તરફ ધ્યાન ન આપ્યું.

મને આવડતા હતા એ બધા મંત્રો હું ઉચ્ચારી ગયો. ખ્રિસ્તી અને બૌદ્ધ મંત્રો પણ મેં ભણ્યા. હું ઘણા મઠોમાં ગયો હતો અને બધા ધર્મોના મંત્રો શીખ્યો હતો. પણ એકેય મંત્ર કામ લાગ્યો નહિ. મેં ઘણા દેવતાઓનું સ્મરણ કર્યું. હું બોલવા લાગ્યો : 'હે ફલાણાદેવ, મને મદદ કરો.' પણ ક્યાંયથી મદદ મળી નહિ. મેં માત્ર એક જ વસ્તુ અજમાવી જોઈ નહિ : મારી હિંમત. અને પછી મેં મારી હિંમતની કસોટી કરવા માંડી કે સહસા મને યાદ આવ્યું કે હું કાંઈ મરવાનો નથી. આત્મા માટે મૃત્યુ છે જ નહિ. અને દેહ માટે મૃત્યુ અવશ્યંભાવી છે, પણ એની અગત્ય નથી. હું શાશ્વત છું. મને શા માટે ભય લાગવો જોઈએ? હું એટલે મારું શરીર એમ હું માનતો આવ્યો છું એ મારી કેવડી મોટી મૂર્ખતા!

વીસેક મિનિટ જેટલા સમય સુધી હું એ ઝાડીને વળગીને લટકી રહ્યો હોઈશ. પછી મને મારા ગુરુએ એક વાત કરેલી તે યાદ આવી. તેમણે કહેલું : 'જ્યારે તને ખરેખર મારી જરૂર હશે અને તું મારું સ્મરણ કરીશ. ત્યારે એક અથવા બીજી રીતે હું ત્યાં હોઈશ. પણ હું આવું કરવાની આદત ન પાડતો.'

મેં મારી હિંમતની કસોટી તો કરી લીધી હતી. એટલે હવે મને મારા ગુરુની કસોટી કરવાનું મન થયું. (શિષ્ય માટે આ સ્વાભાવિક બાબત છે. આખોયે વખત એને એના ગુરુની કસોટી

કરવાની ઇચ્છા રહ્યા કરે છે. તે પોતાના ગુરુના દોષ જુએ છે, અને એમ કરીને તે પોતાની નબળાઈઓ જોવાનું ટાળે છે.)

અતિશય લોહી વહી જવાને કારણે મને અંધારાં આવવા લાગ્યાં. બધું ધૂંધળું દેખાવા લાગ્યું. મારી ચેતના લુપ્ત થવા લાગી. એ વખતે મેં કેટલીક સ્ત્રીઓને મારી ઉપરના રસ્તા પર બોલતી સાંભળી. તેઓ પોતાનાં ઢોર માટે મૂળિયાં અને ઘાસ એકઠું કરવા પહાડ પર આવી હતી. એમાંની એકે નીચે નજર કરી અને મને જોયો. તેણે બૂમ પાડી : 'જુઓ એક મરેલો માણસ!'

મેં વિચાર્યું : એ લોકો જો એમ માનશે કે હું મરી ગયેલો છું, તો તેઓ મને આમ પડેલો રહેવા દેશે. હું એમને કેવી રીતે કંઇ જણાવી શકું? મારું માથું નીચે હતું અને પગ ઉપર હતા. એ લોકો થોડાક સો ફૂટ છેટે હતાં. હું બોલી શકું તેમ નહોતો એટલે મેં પગ ઉલાળવા માંડ્યા.

તેમણે કહ્યું : 'ના ના, એ કાંઇ મરી ગયેલો નથી. એના પગ હજુ હલે છે, એ હજી જીવતો હોવો જોઈએ.' એ સ્ત્રીઓ બહાદૂર હતી. તેમણે નીચે આવીને મારી કમર ફરતું દોરડું વીંટ્યું અને મને ઉપર ખેંચ્યો. ડાળી હજુ મારા પેટમાં ઘૂસેલી હતી. મને વિચાર આવ્યો : આ ખરેખર વીરતા દર્શાવવાની ક્ષણ છે. મેં પેટ અંદર લઇ ડાળી બહાર ખેંચી કાઢી. તેમણે મને ઉપર ખેંચી લીધો અને એક નાની પહાડી કેડી પર મને લઇ ગયાં. તેમણે પૂછ્યું કે મારાથી ચલાશે કે નહિ. મેં હા પાડી. પહેલાં તો મને મારી સ્થિતિ કેટલી ગંભીર છે તેનો ખ્યાલ ન આવ્યો, કારણ કે ડાળીને લીધે જે ઈજા થઇ હતી તે ઘણીખરી અંદરના ભાગમાં હતી. એમને થયું કે હું તો સંન્યાસી છું એટલે એમની મદદ વગર હું મારી સંભાળ લઇ શકીશ. તેમણે મને



એક કેડી પર ચાલવાનું કહ્યું, અને એક ગામ આવતાં મને મૂકીને તેઓ ચાલ્યાં ગયાં. મેં ચાલવાનો પ્રયત્ન કર્યો પણ થોડી મિનિટોમાં હું બેશુદ્ધ થઈને પડી ગયો. મેં મારા ગુરુનું સ્મરણ કર્યું. તેમને કહ્યું : 'મારી આવરદા પૂરી થઈ છે. તમે મને મોટો કર્યો અને મારે માટે બધું જ કર્યું, પણ અત્યારે હું આત્મ-સાક્ષાત્કાર થયા પહેલાં જ મૃત્યુ પામી રહ્યો છું.'

અચાનક મારા ગુરુ ત્યાં ઉપસ્થિત થયા. મને લાગ્યું કે મારું મન ભ્રમણાનો ખેલ ખેલે છે. મેં કહ્યું : 'તમે જ છો, ખરેખર? મને તો એમ કે તમે મને છોડી ગયા છો.'

તેમણે કહ્યું : 'તું ચિંતા શું કામ કરે છે? તને કાંઇ થવાનું નથી. તને યાદ નથી કે આ દિવસે આ સમયે તારું મૃત્યુ થશે એવી આગાહી કરવામાં આવી હતી? આજે હવે તારે વધુ વાર મૃત્યુ સંમુખ રહેવાની જરૂર નથી. તને હવે સાવ સારું છે.'

ધીમે ધીમે મને ભાન આવ્યું. તેમણે થોડાં પાંદડાં લાવી તેને મસળી મારા ઘાવ પર મૂક્યાં. તે મને નજીકની એક ગુફામાં લઇ ગયા અને ત્યાં થોડા લોકો હતા તેમને મારી સંભાળ રાખવાનું કહ્યું. તેમણે કહ્યું : 'મૃત્યુને પણ અટકાવી શકાય છે.' આમ કહી તે ચાલ્યા ગયા. પંદર દિવસમાં ઘાવ રુઝાઇ ગયા, પણ એનું નિશાન હજી મારા શરીર પર છે.

એ અનુભવે હું જાણી શક્યો કે એક સાચા નિઃસ્વાર્થ ગુરુ દૂર હોવા છતાં કેવી રીતે મદદ કરી શકે છે! મને સમજાયું કે ગુરુ–શિષ્યનો સંબંધ બધા સંબંધોમાં સૌથી ઊંચો અને સૌથી નિર્મળ છે. એનું વર્ણન થઇ શકે નહિ.

**૨. મારા ગુરુ મને રોગ દૂર કરવા મોકલે છે.**

એક સરસ સવારે હું ને મારા ગુરુ અમારી ગુફાની બહાર

બેઠા હતા કે અચાનક એમણે કહ્યું : 'તારે બસ પકડવાની છે. બસનો રસ્તો અહીંથી સાત માઇલ દૂર છે, એટલે જલદી કર.' તેઓ મને આમ અચાનક જ ઊભા થઈને ક્યાંક જવાનું કહેતા. ઘણી વાર મને એના કારણની ખબર પડતી. મેં ઊભા થઈને પાણીનું કમંડળ લીધું. તેમણે કહ્યું : 'હરદ્વાર સ્ટેશને જતી બસ પકડ. ત્યાં તને ટિકિટ મળશે. એ લઈને હરદ્વારથી કાનપુર જા. ત્યાં ડો. મિત્ર પથારીવશ છે અને આખો વખત મને યાદ કર્યા કરે છે, એને મગજમાં હેમરેજ થયું છે અને એના જમણા નસકોરામાંથી લોહી નીકળે છે. પણ એની પત્ની એને હોસ્પિ-ટલમાં લઈ જવા દેતી નથી. એના બનેવી ડો. બસુને ખબર છે કે આ બ્રેઇન હેમરેજ છે, પણ ત્યાં ઓપરેશન કરવાની સગવડ નથી.'

મેં પૂછ્યું : 'હું ત્યાં જઇને શું કરું?'

'એના ગાલપર પ્રેમથી એક હળવી ટપલી મારજે. તને પોતાને ચિકિત્સક માનતો નહિ. એમ માનજે કે તું વાહન છે. મેં એને ને એની પત્નીને વચન આપ્યું છે કે આપણે હંમેશાં તેમને મદદ કરીશું. શક્ય તેટલી ઝડપથી જા.'

મેં કહ્યું : 'એ તો નવાઈની વાત કે મારી જાણ બહાર તમે મારા વતી વચન આપો છો!' આવા લાંબા પ્રવાસે જવા મારું મન આનાકાની કરતું હતું, પણ હું એમની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શક્યો નહિ. હું હરદ્વાર સ્ટેશને પહોંચીને ઊભો રહ્યો. મારી પાસે પૈસા નહોતા અને કાનપુર ટ્રેન છૂટવાને ફક્ત અડધા કલાકની વાર હતી. મેં મારી ઘડિયાળ તરફ જોયું. મને વિચાર આવ્યો કે હું એ વેચીને ટિકિટ ખરીદી શકું. સ્ટેશન પર એક સજ્જન પાસે જઇને મેં પૂછ્યું કે મારી ઘડિયાળ રાખીને તમે મને ટિકિટ ખરીદવા પૈસા આપશો કે કેમ. મારા આશ્ચર્ય વચ્ચે



તેણે કહ્યું 'મારો દીકરો મારી સાથે આવી શક્યો નથી એટલે મારી પાસે એક વધારાની ટિકિટ છે. મહેરબાની કરીને આ ટિકિટ લો. મને ઘડિયાળની જરૂર નથી.'

હું ટ્રેનમાં બેઠો. ટ્રેનમાં એક બહેન સાથે મારી ઓળખાણ થઈ. તે પણ કાનપુર જતાં હતાં અને ડો. મિત્રનાં નજીકનાં સગાં હતાં. ડો. મિત્ર પાસેથી તેમણે મારા ને મારા ગુરુ વિશે સાંભળ્યું હતું. તેમણે મને ખાવાનું આપ્યું. અમે આખી રાત મુસાફરી કરી. સવારે ટ્રેન કાનપુર પહોંચી. સ્ટેશન પર એટલી બધી ભીડ હતી કે દરવાજામાંથી બહાર નીકળતાં મને દસ મિનિટ લાગી. સ્ટેશનની બહાર અચાનક જ મને એક માણસ મળી ગયો, જે મને સારી રીતે ઓળખતો હતો. તે તેની ગાડી બાજુમાં રાખીને કોઈકની વાટ જોતો હતો, પણ એ માણસ આવ્યો નહિ. દિલ્હી સ્ટેશને તે ટ્રેન ચૂકી ગયો હશે. એ માણસ મને એને ઘેર લઇ જવા માગતો હતો, પણ મેં ડો. મિત્રને ઘેર જવાનો આગ્રહ રાખ્યો.

અમે ત્યાં પહોંચ્યા ત્યારે ત્રણ ડોક્ટરો ડો. મિત્રને તપાસતા હતા. તેમનાં પત્ની મને જોઇને ખુશ થઈ અને બોલ્યાં : 'લો, તમે આવી ગયા તો હું મારા પતિને હવે તમારા હાથમાં સોંપી દઉં છું.' આ છે ભારતના લોકોની સાધુ—સંન્યાસીઓ પ્રત્યેની અંધશ્રદ્ધા. મેં કહ્યું : 'હું કાંઇ ચિકિત્સક નથી. હું તો માત્ર એમને જોવા આવ્યો છું.' હું ડો. મિત્રની પથારી નજીક ગયો પણ નાકમાંથી લોહી વહેવાને કારણે તેમને બેઠા થવાની છૂટ નહોતી.

તેમણે મને જોતાં જ પૂછ્યું : 'ગુરુજી કેમ છે?' મેં તેમના જમણા ગાલ પર એક હળવી ટપલી મારી. થોડી જ મિનિટોમાં લોહી વહેતું બંધ થઇ ગયું. એક ડોક્ટરે એમ ખુલાસો કર્યો કે

મારી થાપટને લીધે રક્તવાહિની બંધ થઇ ગઇ અને હવે એ પુરાઇ ગઇ હતી.

મને ખબર નહોતી કે મેં શું કર્યું છે. મેં તો ફક્ત મારા ગુરુની સૂચનાનું પાલન કર્યું હતું.

ડો. મિત્રના ઝડપથી સાજા થઇ જવાની વાત આખા શહેરમાં ફેલાઇ ગઇ. સેંકડો દરદીઓ મને શોધવા લાગ્યા. આથી એ જ દિવસે સાંજે મેં શહેર છોડી દીધું અને બીજી સવારે હરદ્વાર પહોંચી ગયો.


જીવનની ખોટી ટેવો બદલ્યા સિવાય અથવા તે માટેની જાગૃતિ લાવ્યા સિવાય, ભલા, જીવન સાચી રીતે સુખમય શી રીતે બની શકશે! હે જીવ જરા તો વિચાર. —યોગેશ્વરજી

ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬
મોબાઇલ : ૯૮૨૪૨૧૫૨૬૭

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, રાજકોટ—૩૬૦૦૦૨




## ❁ પ્રભુ પર છોડી દે ❁

પ્રભુ પર છોડી દે,
જીવન પ્રભુ પર છોડી દે,
પ્રવાહ તારા મનનો કેવળ, પ્રભુ પર છોડી દે.
ચિંતા કરે નકામી શાને?
વાત ધરી લે મારી ધ્યાને,
તારું ધાર્યું થાય ના કૈં યે
વિષાદ છોડી દે. જીવન પ્રભુ પર.
નાખ નિસાસા રડ ના ભાઇ,
હજીયે નથી બગડ્યું કાંઇ,
પ્રભુના પરમ પ્રદેશ તરફ,
હંકારી હોડી દે. જીવન પ્રભુ પર.
સુખદુઃખનો સાચો સંગાથી,
એ છે જગમાં એક જ સાથી,
સંબંધ કરી, બંધન તન ને,
મનનાં તોડી દે. જીવન પ્રભુ પર.
જે કરશે તે ઉત્તમ કરશે,
મંગલમય રૂપ વળી ધરશે,
પ્રભુને પ્રેમ કરીને,
જૂનું દળદર ફેડી દે.
જીવન પ્રભુ પર છોડી દે.

—યોગેશ્વરજી

## ❋ મારાં બધાં કાર્યોમાં ❋

મારાં બધાં કાર્યોમાં તમારી મદદ માગું છું,
તમારો દિવ્ય આઠે પ્રહર આશીર્વાદ માગું છું.

તમારું સ્મરણ અંતરમાં અખંડપણે ભલે ચાલે,
તમારાં ભાવનાં ફૂલો ભલે હરરોજ ને ફાલે,
ખરે ઉપકાર માનું કે તમારામાં જાગું છું,
—મારાં બધાં૦

તમારો સાથ ને સહકાર જીવનમાં મળી જાયે,
કમી શી ધન્યતાની, કૃપાની વર્ષા, સદા થાયે,
તમારી છત્રછાયા મધુર તેમ જ હૂંફ માગું છું.
—મારાં બધાં૦

હશે ચિન્તા પછી કૈં ના, તમારા દિવ્ય સહવાસે,
તમારી શુભાશીષથી દર્દ ભય ને સંકટે નાસે,
થઈ પાગલ પગે હૈયાથકી હરરોજ લાગું છું.
—મારાં બધાં૦

**—યોગેશ્વરજી**

○



# આ મંદિરને શું થયું?

**ફાધર વાલેસ**

હું અમદાવાદમાં રહેવા આવ્યો ત્યારે નેહરુ પુલ તાજો બંધાયેલો હતો. એ ગામનું નાક હતું. ગર્વ સાથે હું એની ઉપર સાઇકલ ચલાવતો, ઉપરથી સાબરમતીનાં પાણી જોતો. જૂનાનવા શહેરની વચ્ચે એ વજ્રકાય સેતુ, આધુનિક ભગીરથ વિદ્યાનો એ ચમત્કાર, અહોભાવ સાથે નિહાળતો.

નેહરુ પુલને વીસ વર્ષ પણ પૂરાં થયાં નથી, ત્યાં પુલ પર તિરાડો પડેલી જણાઇ છે. વીસ વર્ષનું યુવાન સ્થાપત્ય ઘરડું થઇ ગયું! જે પુરુષાર્થનું સ્મારક હતું, તે નબળાઈનો પુરાવો બન્યું. આ કરુણ સ્થિતિનું શું કારણ?

આજની જાહેર બાંધકામની કૃતિઓ તો આધુનિક ભારતનાં મંદિરો છે, એવું નેહરુજી કહેતા. તો આ મંદિરને શું થયું? આ આધુનિક મંદિર વીસ વર્ષ પણ સમારકામ વગર ન ટકી શકે? શું આ આપણી પેઢીનો સંકેત હશે? આપણા છીછરાપણાનું, બેધ્યાનપણાનું પ્રદર્શન હશે?

હજી નેહરુ પુલ પર ચાલું છું, સાઇકલ ચલાવું છું. પણ હવે હૃદયમાં ગૌરવ નથી, આનંદ નથી. પુલની બાજુમાં એનું નામ પોકારતી શિલા તરફ હવે હું જોતો નથી. હવે ફક્ત સામે કાંઠે બને તેમ જલદી પહોંચવાની ઇચ્છા રહે છે.

○

# ભગવાં ઉતારવાં પડશે!

કાકા કાલેલકર

આશ્રમના શરૂઆતના દિવસોની વાત છે. ત્યાં સ્વામી સત્યદેવ આવ્યા. દેશની આઝાદી માટે બાપુ જે કાર્ય કરી રહ્યા હતા, તે જોઇ તેઓ બહુ પ્રસન્ન થયા. એક દિવસ સ્વામીજી બાપુ પાસે જઇ કહેવા લાગ્યા, ''હું આપના આશ્રમમાં દાખલ થવા માગું છું.''

બાપુ કહે, ''બહુ સારું. આશ્રમ તમારા જેવાને માટે જ છે. પણ આશ્રમમાં દાખલ થાઓ એટલે આપને આ ભગવાં કપડાં ઉતારવાં પડશે.''

આ સાંભળીને સ્વામી સત્યદેવજીને ઘણો આઘાત લાગ્યો. ગુસ્સે થયા. પણ બાપુ આગળ પોતાનું દુર્વાસારૂપ બતાવી શકતા નહોતા. તેમણે કહ્યું, ''એ તો કેમ બને? હું સંન્યાસી છું ને?''

બાપુએ કહ્યું, ''હું સંન્યાસ છોડવાનું નથી કહેતો. મારું શું કહેવું છે તે બરાબર સમજી લો.''

પછી બાપુએ તેમને શાંતિથી સમજાવ્યું, ''આપણા દેશમાં ભગવાં કપડાં જોતાં જ લોકો તે ઓઢનારની ભક્તિ અને સેવા કરવા મંડી પડે છે. હવે આપણું કામ સેવા લેવાનું નહીં, સેવા કરવાનું છે. આપણે લોકોની જેવી સેવા કરવા માગીએ છીએ તેવી સેવા તેઓ તમારાં આ ભગવાંને લીધે તમારી પાસેથી નહીં લે. ઊલટા તમારી સેવા કરવા દોડશે. ત્યારે જે વસ્તુ સેવા કરવાના આપણા સંકલ્પની આડે આવે, તે કેમ રાખીએ? સંન્યાસ માનસિક વસ્તુ છે, સંકલ્પની બાબત છે. બાહ્ય પોશાક



સાથે તેને શો સંબંધ? ભગવાં છોડવાથી સંન્યાસ ઓછો જ છૂટે છે?''

સત્યદેવને વાત સમજાઇ તો ખરી, પણ ગળે ન ઊતરી. મારી પાસે આવીને કહેવા લાગ્યા, ''આ તો મારાથી નહીં બને. જે વસ્ત્રો મેં સંકલ્પપૂર્વક ગ્રહણ કર્યાં છે, તે છોડી નહીં શકું.''

કેવળ શરીરની વધુ પડતી સાચવણી અને તેની જ સુખાકારીની ભાવના અને વિચારો માણસના જીવનને ભૌતિકવાદી બનાવી મૂકે છે. આજની દુનિયાનાં ૯૦ ટકા ઉપર વસ્તી આવું જ જીવન જીવે છે. —યોગેશ્વરજી

આ દિવસો પણ ચાલ્યા જશે.
સ્થાપત્ય કન્સ્ટ્રક્શન
પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,
બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

# રાક્ષસ બન્યા શી રીતે?

દાદા ધર્માધિકારી

છેલ્લાં સાઠ વરસથી મારા મનમાં આ દેશ અંગે એક પ્રશ્ન ઘોળાતો રહ્યો છે. મારો સવાલ એ છે કે આટલી ઊંચી આધ્યાત્મિકતાનો જે ભૂમિમાં વિકાસ થયો, ત્યાંનો મનુષ્ય આટલા લાંબા કાળ લગી ગુલામ કેમ રહ્યો?

એની સાથે જ બીજો સવાલ પણ મારા મનમાં જાગ્યો હતો તે આ છે : આપણાં પુરાણોમાં એવું કેમ જોવા મળે છે કે શક્તિ હંમેશાં રાક્ષસો પાસે હતી, અને દેવોમાં નહોતી? 'વેદ'માં ઈન્દ્ર અને વૃત્ર રાક્ષસ વચ્ચેના યુદ્ધનું વર્ણન આવે છે. હવે ઈન્દ્ર તો છે દેવોનો રાજા, છતાં એ યુદ્ધમાં કાવાદાવા કરે છે. પણ સામે વૃત્ર રાક્ષસ છે, છતાં સીધી રીતે જ યુદ્ધ કરે છે. અને દાવપેચ છતાંયે હારે છે તો ઈન્દ્ર જ.

તો દેવતાઓની હાલત એવી કેમ? દેવો આટલા બધા શક્તિહીન અને રાક્ષસો આટલા શક્તિશાળી—એમ કેમ? એનો જવાબ ખોળતાં ખોળતાં મારા ધ્યાનમાં આવ્યું કે જે બધા રાક્ષસો હતા એ તપસ્વી હતા. રાવણનું તો એટલી હદ સુધીનું વર્ણન આવે છે કે તપ કરતાં કરતાં નવ નવ મસ્તક તો એણે ઉતારીને ધરી દીધાં અને દસમું ઉતારવા પણ તૈયાર થઈ ગયો હતો. આમ આ બધા રાક્ષસો ભારે મોટા તપસ્વી હતા. પણ તો પછી એ રાક્ષસ ભારે મોટા તપસ્વી હતા. પણ તો પછી એ રાક્ષસ બન્યા શી રીતે? રાક્ષસ બન્યા એ કારણે કે તપથી મળેલી શક્તિનો ઉપયોગ એમણે ભોગ માટે કર્યો.



જે તપસ્વી હતા તે ભોગી થઈ ગયા. તપસ્વીનું પતન થાય છે ત્યારે એ વચ્ચે ક્યાંય અટકતો નથી—જઈને સીધો દાનવ બને છે. અને દાનવોની કોઈ જુદી જાતિ હોતી નથી. પ્રહ્‌લાદનો બાપ દાનવ હતો, કૃષ્ણનો મામો દાનવ હતો, દાનવ રાવણ પણ એક ઋષિનો પુત્ર હતો. આમ આ જે દાનવો હતા તે બધા આપણા જ સગાસંબંધી હતા.

○

સમાજનો કોઈ પ્રતિષ્ઠિત માણસ ધર્મમાં ઊંડો રસ લેવા માંડે, ત્યારે સમાજ ભારે પ્રભાવિત થતો હોય છે. તેઓ જ્યારે જેમનો ગુરુ તરીકે સ્વીકાર કરે ત્યારે એમનો મહિમા પણ ખૂબ વધી જતો હોય છે. પરંતુ સાચા ગુરુ આવી પ્રતિષ્ઠિત વ્યક્તિથી અંજાઈ જતા નથી, કારણ કે આવી વ્યક્તિનું અંદરનું જગત કેવું હોય છે, એનો એમને ખ્યાલ હોય છે.

—શ્રીયોગેશ્વરજી

***અધ્યાત્મ*** માસિકના લવાજમ તથા ***અધ્યાત્મ*** ન મળવા અંગે, સરનામામાં ફેરફાર અંગે ડો. બી. જે. જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, **ભાવનગર—૩૬૪૦૦૨,** ફોન (૦૨૭૮) **૨૫૬૦૬૪૯** ને જણાવવા વિનંતી છે.

# પરમહંસ શ્રીરામકૃષ્ણદેવનો સંક્ષિપ્ત પરિચય

પ્રો. અરુણિકાબેન દરૂ

નોંધ : પ્રો. અરુણિકાબેન દરૂએ પ. પૂ. શ્રી શ્રી મા શારદા વિષે સંક્ષેપમાં તેઓશ્રીના જીવન વિષે એક નાની લેખમાળા લખી આપી છે. એ લખતાં પહેલાં તેઓએ લગભગ ૧૩ જેટલા સંદર્ભ ગ્રંથોનું અવલોકન કર્યું છે. તેના પરિણામે આ લખાયું છે. એથી એ ગાગરમાં સાગરજેવું બન્યું છે.

શ્રી શ્રી મા શારદા વિષે કંઈ લખવું હોય તો પ્રારંભ તો શ્રી રામકૃષ્ણ પરમહંસથી જ કરવો પડે. એ રીતે આ લેખમાળાનો પહેલો મણકો પૂ. શ્રી રામકૃષ્ણદેવના સંક્ષિપ્ત જીવન આલેખથી શરૂ થાય છે. આધ્યાત્મ માર્ગના પ્રવાસી ભાગ્યે જ તેઓશ્રીના જીવનથી અજાણ હોય. છતાં આ વાચન તેમને ગમશે એવી આશા છે. હવે પછીના લેખોમાં પૂ. મા શ્રી શ્રી શારદા જ કેન્દ્રવર્તી હશે. —તંત્રી

શ્રીમા શારદામણિદેવી એટલે પરમહંસ શ્રીરામકૃષ્ણદેવના લીલા સહધર્મચારિણી. શ્રીમા શારદામણિદેવીનું જીવન સમજવા માટે પહેલાં શ્રીરામકૃષ્ણદેવના જીવનચરિત્રનું આપણે સંક્ષેપમાં વિહંગાવલોકન કરી લઈએ. શ્રીરામકૃષ્ણનું બાળપણનું નામ ગદાધર. ગદાધરનો જન્મ બંગાળના હુગલી જિલ્લામાં આવેલા કામારપુકુર નામે ગામમાં ઈ. સ. ૧૮૩૬ના ફાગણ સુદ બીજને દિવસે થયેલો. પિતાનું નામ ખુદીરામ ચેટરજી. માતાનું નામ ચંદ્રાદેવી. પિતા નિષ્ઠાવાન ભક્ત, માતા સરળ અને દયાળુ. ખુદીરામના પિતાનું ગામ કામારપુકુરથી દોઢેક ગાઉ દૂર આવેલું દેરેગામ. ત્યાં વંશપરંપરાના ઘર જમીન વગેરે



હતાં પણ ગામના જમીનદારને પક્ષે ખોટી સાક્ષી આપવાની ના પાડવાથી, જમીનદાર ત્રાસ આપતો. તેથી ગામ છોડી કામારપુકુરમાં આવી વસેલા. ગદાધરને બે મોટાભાઈ અને એક નાની બહેન હતાં.

નાનપણમાં ગદાધર ગામઠી નિશાળમાં સાધારણ લખતાં વાંચતાં શીખ્યા. પછી ઘરે રહીને દેવપૂજા કરતા. તેમના ઘર પાસે ગામના જમીનદાર ધર્મદાસ લાહાનું મકાન હતું. ત્યાં સદાવ્રત અપાતું. તેમની ધર્મશાળામાં જગન્નાથપુરી જતાંઆવતાં સાધુઓ ઊતરતા. ગદાધર તેમની હૃદયપૂર્વક સેવા કરતા. તેમની સાથે સત્સંગ કરતા. તેમની સત્તરઅઢાર વર્ષની ઉંમરે તેઓ તેમના મોટાભાઈ રામકુમાર સાથે કલકત્તા આવ્યા. મોટાભાઈના યજમાનને ઘરે પૂજા કરવાનું કામ કરતા.

રાણી રાસમણીએ કલકત્તાથી છ માઈલ દૂર દક્ષિણેશ્વરમાં માતા કાલીનું મંદિર બંધાવ્યું. તેના પ્રથમ પૂજારી તરીકે શ્રીરામકૃષ્ણના મોટાભાઈ રામકુમારની નિમણૂક થઈ. તેમના મૃત્યુ પછી તેમની જગ્યાએ શ્રીરામકૃષ્ણની નિમણૂક થઈ. કાલીમંદિરમાં પૂજા કરતાં કરતાં માતાનાં દર્શનની તેમની ઝંખના તીવ્ર થઈ. વ્યાકુળતા વધી જતાં, તેઓ ‘મા’ ‘મા’ના નામનો પોકાર કરતા. તેમની આવી પાગલ જેવી દશા દૂર કરવા, તેમનાં લગ્ન કરવામાં આવ્યાં. ત્યારે તેમની વય ચોવીસ વર્ષની હતી. લગ્ન પછી તેઓ ફરીથી કાલીમંદિરમાં પૂજાનું કાર્ય કરવા લાગ્યા. પૂજા સાથે માતાજીની સાધનાનું તેમનું કાર્ય ચાલુ જ હતું. તેથી તેઓ વિશેષ કરી ભાવાવસ્થામાં રહેતા. રાણી રાસમણિના જમાઈ મથુરબાબુને શ્રી રામકૃષ્ણના આ સ્થિતિ સમજાઈ. તેમણે પૂજા કાર્યમાં સહાયરૂપ થવા શ્રી

રામકૃષ્ણના ભાણેજ હૃદયની ગોઠવણ કરી, જેથી જગદંબાની પૂજામાં કોઈ ખલેલ ન પહોંચે.

શ્રીરામકૃષ્ણે ભૈરવી બ્રાહ્મણી યોગેશ્વરી પાસેથી શાક્તતંત્રની સર્વ પ્રકારની સાધનાનું જ્ઞાન મેળવ્યું. તોતાપુરી સ્વામી પાસેથી (નિર્વિકલ્પ સમાધિની અનુભૂતિ) વેદાંત સાંભળ્યું. આ બધી સાધનાના ફલસ્વરૂપે તેમણે જગદંબાનાં વિવિધ સ્વરૂપોના દર્શન કર્યાં. શ્રીરામકૃષ્ણનો શાળાકીય અભ્યાસ ખાસ નહીં, પણ અધ્યાત્મમાર્ગનો અભ્યાસ ઊંડો, નિષ્ઠાપૂર્વકનો, સાચા હૃદયનો. પરિણામે કાળક્રમે સમાધિ અવસ્થા તેમને સહજ બની હતી. તેઓ પરિણામે કાળક્રમે સમાધિ અવસ્થા તેમને સહજ બની હતી. તેઓ દિનરાત મા કાલીનું સ્મરણ કરતા, નામજપ કરતા. ભગવાનનું નામ સાંભળતાં જ તેમને ભાવ ઉદીપન થઈ જતું. તેથી ભાવસમાધિ થઈ જતી.

શ્રીરામકૃષ્ણે હિંદુધર્મમાં વૈષ્ણવ શાક્ત, શૈવ વગેરે સંપ્રદાયોની ઉપાસના કરી હતી તેમ ઈસ્લામધર્મ, ખ્રિસ્તીધર્મ, જૈન, બૌદ્ધ વગેરે ધર્મની પણ ઉપાસના કરી, સર્વધર્મસમન્વય સાધ્યો હતો. તેમની સાથે સત્સંગ કરવા અનેક ભક્તો આવતા. શ્રીરામકૃષ્ણદેવ સ્ત્રીઓથી અને ધનસંપત્તિથી દૂર રહેતા. અલબત્ત પોતાની પત્ની સાથે થોડો સમય એક જ ખંડમાં શયન કરવા છતાં, તેમણે પૂર્ણપણે બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું. પૈસાને તો તેઓ હાથ અડાડતા નહીં—અડાડી શકતા નહિ.

મા જગદંબાનાં દર્શન કર્યા પછી, જ્ઞાનભક્તિનો અધિકાર પ્રાપ્ત કર્યા પછી, તેમણે તત્કાલીન સમાજના લોકોને મોહમાયાથી મુક્ત કરી સાદું, સાત્ત્વિક જીવન જીવવા પ્રેર્યા હતા. સરળભાષામાં સદૃષ્ટાંત ઉપદેશ આપીને અજ્ઞાનના



અંધકારમાં જીવતા, દુઃખી, પીડિત માનવોને તેમણે જ્ઞાનનો દિવ્યપ્રકાશ દેખાડવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું હતું. તેમનું કાર્ય મુખ્યત્વે યુગપ્રવર્તનનું રહ્યું. તેમની પાસે બંગાળની નામી-અનામી વ્યક્તિઓ આવતી રહેતી. તેમના સરળ પ્રેમપૂર્ણ વ્યવહારથી પ્રભાવિત થઈ તેમના સાન્નિધ્યનો લાભ લેવા, તેમનો ઉપદેશ સાંભળવા તેમની સાથે ભજન સત્સંગ કરવા અનેક લોકો આવતા. શ્રી કેશવચંદ્ર સેન, પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર પંડિત, શશધર તર્કચૂડામણિ, ડોક્ટર મહેન્દ્રલાલ સરકાર, બંગાળી કવિ માઈકલ મધુસૂદન દત્ત, સ્વામી વિવેકાનંદ વગેરે અનેક ભક્તો તેમના પરિચયમાં આવ્યા હતા. બંગાળમાં ત્યારે બ્રાહ્મસમાજનું જોર ઘણું હતું. એ બ્રાહ્મ-સમાજના ઘણા ભક્તો શ્રીકેશવચંદ્ર સેન, પ્રતાપચંદ્ર મજમુદાર જેવા ખ્યાતનામ માણસો તેમની પાસે સત્સંગ માટે આવતા. ઈશ્વર સાથે સંવાદિતા સ્થાપી હોવાને કારણે તેમની વાણી, દિવ્ય અમૃતવાણી બની રહેતી. એ વાણીથી તેમણે અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. અનેકોને સન્માર્ગે વાળ્યા. સમાજમાં જાગ્રતિ આણી.

ઈ. સ. ૧૮૮૬ માં તેઓએ દેહ છોડ્યો. તેઓના લીલાસંવરણ પછી સમયની સાથે ભક્તોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જ ગઈ. કેવળ કલકત્તામાં જ નહિ, સમગ્ર ભારતવર્ષમાં તેમના નામનો ડંકો વાગ્યો. તેમના મુખ્ય શિષ્ય નરેન્દ્રનાથ ઉર્ફે સ્વામી વિવેકાનંદે તો શિકાગોમાં ભરાયેલી સર્વધર્મપરિષદમાં ભારતીય સંસ્કૃતિ અને હિંદુધર્મનું નામ ગાજતું કર્યું. શ્રીરામકૃષ્ણે પોતાના કાર્યનો વિકાસ કરવાની જવાબદારી એક તરફ પોતાના પ્રિય શિષ્ય સ્વામી વિવેકાનંદને સોંપી હતી તો

બીજી તરફ એ કાર્યનો ભાર સહધર્મિણી શ્રી મા શારદામણિદેવીને તેમણે સોંપ્યો હતો. આ બન્નેએ પોતાને સોંપેલી જવાબદારી સંપૂર્ણપણે નિભાવી હતી અને રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી હતી. તે પછી તો શ્રીરામકૃષ્ણનું નામ ભારતવર્ષમાં જ નહીં, પણ અમેરિકા, યુરોપ ને આફ્રિકા જેવા દેશોમાં પણ ગાજતું થયું હતું.

શ્રીરામકૃષ્ણ યોગી હતા, ત્યાગી હતા, લગ્ન કર્યા છતાં સંસારી નહોતા રહ્યા. તેઓ સર્વધર્મની સાધનાના સાધક હતા. કાલીમાતાના બાળક બની જીવ્યા હતા. ભારતદેશ પર જ્યારે વિદેશી સંસ્કૃતિનું આક્રમણ થયું ત્યારે પ્રાચીન ભારતીય સંસ્કાર, ભારતીય સંસ્કૃતિ અને હિંદુધર્મનું પુનરુત્થાન કરવાનું ભગીરથ કાર્ય તેમણે હાથ ધર્યું હતું. એ કાર્ય એટલું તો વિરાટ અને જહેમત માગી લે તેવું હતું કે એમના જેવા યોગી ત્યાગીને વર્ષો લાગે. તેમણે ભક્તોમાં જ્ઞાન અને ભક્તિનાં બીજ રોપ્યાં. તેનાં અંકુરો ફૂટ્યાં. તેની મમતાભરી માવજત કરવાનું કામ શ્રીમાએ કર્યું. એમણે આરંભેલું અને અંકુરિત કરેલું એ કાર્ય એમના દેહાવસાન પછી નરેન્દ્રનાથ જે પાછળથી સ્વામી વિવેકાનંદ તરીકે વિશ્વવિખ્યાત થયા તેમણે વિકસાવ્યું. શ્રીમા શારદામણિદેવી અને સ્વામી વિવેકાનંદના સહયોગીથી એ કાર્ય અનેક શાખાપ્રશાખાઓમાં વટવૃક્ષ બની વિસ્તર્યું.

(ક્રમશઃ)



### પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી

# પુરુષોત્તમયોગ

**શ્રી યોગેશ્વરજી**

(પૂ. શ્રીએ ભારતીય દર્શનશાસ્ત્રોના અર્કને લોકભોગ્ય શૈલીમાં સાધકોનાં જીવનને કંડારવા ૧૯૮૪ સુધી પુરુષોત્તમયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ, ગીતા ઉપર પ્રવચનો આપેલાં. આ પ્રવચનોની ઓડિયો કેસેટો તૈયાર કરવામાં આવી છે. આ કેસેટમાં પૂ. શ્રીની જે વાણી સાંભળવા મળે છે તે પરમાત્માના અમૃતરસ સમી છે માટે 'પૂ. શ્રીની અમૃતવાણી' શૃંખલા શરૂ કરતાં આનંદ થાય છે. પ્રભુ સ્વરૂપે પધારેલા પૂ. યોગેશ્વરજીની અમૃતવાણી આજે પણ સાંપ્રત સમયમાં શીતળતા આપનારી ને ચિરંતન સાહિત્યને પુષ્ટિ આપનારી બની છે. **—તંત્રી**)

માનવ પોતાના જીવનની અંદર સુખના ક્ષીર સાગરમાં સ્નાન કરી શકે છે. આરંભમાં જ ગીતાએ આ સંદેશો પૂરો પાડ્યો ઉપનિષદના આધાર પર. માનવ! શાંતિની ઇચ્છા હોય તો પુરુષોત્તમ—પરમાત્મા પાસે પહોંચવાની પ્રવૃત્તિ કર. શાંતિની ઝંખના હોય તો તારી પોતાની અંદર, તારા પોતાના પુરની અંદર, નગરની અંદર જે આત્મા છે તેને ઓળખ.

હમણાં જ મંકોડી સાહેબે સારી રીતે કહ્યું હતું કે બધા પુરુષ જ છે. વેદો એમ જ કહે છે. જેને આપણે પુરુષ કહીએ છીએ તે પણ પુરુષ જ છે અને જેને સ્ત્રી કહીએ છીએ તે પણ એક રીતે પુરુષ જ છે. વ્યવહારિક રીતે સ્ત્રીનું નામ આપીએ પણ સ્ત્રી પણ પુરુષ જ છે કારણ કે, પુર—પંચમહાભુતરૂપી જે પુર—નગર છે એની અંદર રહેલો આત્મા તે પુરુષ કહેવાય છે. સ્ત્રીઓના

નગરોમાં—શરીરમાં આત્મા તો તે જ છે. તે જ રહેનારો છે. માટે આ રીતે જોઇએ તો તાત્વિક રીતે બધા જ પુરુષો સંસારની અંદર છે. પુરુષોત્તમ પરમાત્મા પણ સંસારમાં સમાન રીતે બિરાજમાન છે અથવા વ્યાપક છે.

આ પરમાત્માને પામીને જીવનની અંદર ધન્યતાની વિણાનું વાદન કરી શકાય. એને ઉપયોગી સૂચનો, એને માટે ઉપયોગી સાધનાત્મક કાર્યક્રમ શ્રીમદ્ ભગવદ્ગીતાની અંદર બતાવવામાં આવ્યો છે.

આપણે ત્યાં પુરુષોત્તમ માસ ચાલી રહ્યો છે, અધિક માસ ચાલે જ છે. પણ આપણે પુરુષોત્તમ માસમાં શું કરીએ છીએ? આપણું લક્ષ પુરુષોત્તમ માસ—અધિકમાસમાં પરમપુરષ પરમાત્માની પાસે વધારેમાં વધારે પહોંચવાનું છે. રોજ આપણે છ વાગ્યે ઊઠતા હોઇએ તો અધિક માસમાં સંકલ્પ કરવો જોઇએ કે મોડામાં મોડા ચાર વાગ્યે તો ઊઠીશું. ઊઠીને પાછા સૂઇ નહીં જઇએ, મોઢું ધોઇ, સ્નાન કરવું હોય તો કરી પ્રાર્થના કરીશું, નામ—જપ કરીશું, કલાક—બે કલાક પ્રભુની પાછળ ગાળીશું જેથી આપણા જીવનની અંદર આપણને શાંતિ સાંપડે.

હળવો વ્યાયામ કરવાની જો ટેવ હોય તો કરીશું. કોઇ સુંદર ગ્રંથ, ગીતા ઉપનિષદ જેવો ગ્રંથ જે આપણને પ્રિય હોય—તે આપણે વાંચીશું. એમાંથી પ્રેરણા મેળવીશું ને આ માસ દરમિયાન કોઇ ખરાબ કામ નહીં કરીએ. કોઇની નિંદા નહીં કરીએ, કોઇની નિંદા સાંભળીશું પણ નહીં. કોઇપણ કુકર્મ આપણાંથી નહીં થાય તનું ધ્યાન રાખીશું ને સત્કર્મોનું અનુષ્ઠાન વધારેમાં વધારે પ્રમાણમાં કરીશું. દાન, સેવા, સંયમ, શીલ વગેરે સત્કર્મોનું અનુષ્ઠાન વધારે થાય તેનું ધ્યાન રાખીશું.



સત્સંગમાં હાજરી આપીશું.

એક મહિનામાં તો જીવનનું એવું નિર્માણ અથવા ઘડતર કરીશું કે આપણને ઘણી શાંતિ મળી ગઇ હોય અધિકમાસ પૂરો થાય ત્યારે એક વિશેષ કાર્યક્રમ અધિકમાસ દરમિયાન બનાવીશું. રોજ અર્ધો કલાક એક કલાક ધ્યાનમાં બેસતા હોઇએ તો અધિકમાસ દરમિયાન ઓછમાં ઓછા ત્રણ કલાક ધ્યાન કરીશું. ૨૪ કલાકમાંથી ત્રણ કલાક ઉંઘમાં કાપ મૂકીને, ગપ્પા મારવામાંથી કાપ મૂકીને, બીજી ફાલતુ પ્રવૃત્તિમાંથી કાપ મૂકીને આપણે ધ્યાન અથવા નામ સ્મરણની પાછળ સમય ગાળીશું જેથી સાધનાત્મકરીતે આગળ વધી શકાય. મનનું નિરીક્ષણ કરીશું. આગળ વધીશું નિરીક્ષણ કરીને. આપણી ક્ષતિઓ અથવા ત્રુટિઓને પકડી પાડીને એને દૂર કરવાના પ્રયત્નો આદરીશું. આવી રીતે જો જાગૃતિપૂર્વક આ માસ દરમિયાન જીવીએ તો જે પુરુષોત્તમનો યોગ આપણે સાધવાનો છે તે પુરુષોત્તમના સંયોગને સાધવાની દિશામાં સુચારુરૂપે, સફળતાપૂર્વક આગળ વધી શકીએ.

ગીતામાતા કહે છે કે જીવનમાં જે પણ પરમાત્માની પરમ કૃપાને પામવા માગતા હોય એમણે શું કરવું જોઇએ? ગીતા સૌથી પ્રથમ આપણને કહે છે કે એમણે સંસારની પરિવર્તન-શીલતાને, વિનાશશીલતાને સારી રીતે સમજી લેવી જોઇએ. સંસારની પરિવર્તન-શીલતાને, ઇન્દ્રિયોના ભોગોની અસારતા-ને સારી પેઠે સમજવામાં નહીં આવી હોય તો, પ્રકૃત્તિની પાછળ જ મન દોડાદોડ કર્યા કરશે. અને પરમાત્મા પ્રત્યે મન અભિમુખ નહીં બની શકે. સંસારની વિનાશશીલતાને સુચારુ-રૂપે સમજવાની આવશ્યક્તા છે.

કશું જ સ્થાયી નથી. જે આપણે જોઇ રહ્યા છીએ તે સ્થાયી નથી. જે પુષ્પો અહીં પડેલા છે, જે માળાઓ અહીં મૂકાયેલી છે, થોડા વખત પછી એમની અંદર એવી વિક્રિયા પણ શરૂ થઇ જાય કે થોડા વખત પછી આ સ્વરૂપમાં આ માળા, આ પુષ્પો રહેશે નહીં, પોતાનું શરીર રહેશે નહીં.

હમણા મને અમદાવાદની અંદર ભયંકર બીમારી નવેમ્બર મહિનામાં આવી. એક મહિના સુધી મારે હોસ્પિટલમાં રહેવાનું થયું, અને પછી ત્રણ મહિના પાછા ડોક્ટરોના કહેવાથી અને આવશ્યક્તા હતી એટલે આરામ કરવા માટે અમદાવાદમાં રહેવાનું થયું. આરામ કરવા માટે ક્યાં રહેવું? એવી જગ્યા જોઇએ કે જે શાંતિવાળી હોય, જ્યાં માણસો રહેતા ન હોય, કોલાહલ ન હોય, તો જ શાંતિપૂર્વક રહી શકાય. આરામની અતિશય આવશ્યક્તા હતી કારણ કે બહુ ભયંકર બીમારી આવી ગઇ હતી. અમેરિકા, કેનેડા જવાનો કાર્યક્રમ હતો. આમંત્રણ હતા. સાઉથ આફ્રિકાથી પણ આમંત્રણ આવ્યું હતું, વિઝા કઢાવ્યા હતા અમેરિકાના. બધું જ ગૌણ કરી દેવું પડ્યું.

હમણાં નહીં, સારું થાય પછી જઇશું. ડોક્ટરોએ કહી દીધું કે ૪૮ કલાકથી વધારે નથી. જેમને મળવું હોય તે આવજો. બહારગામના ઘણા માણસો આવ્યા. મોઢું તો જોઇ લઇએ. હાર્ટએટેક આવ્યો નવમી નવેમ્બરે. જરાક અસ્વસ્થતા આવી. મેં જગદમ્બાને પૂછ્યું કે 'મા, આ છેવટનો દિવસ છે આપણો? અને છેલ્લો દિવસ હોય તો એમાં અફસોસ કરવા જેવું કાંઇ નથી. **जातस्य हि ध्रुव मृत्युः, ध्रुवं जन्म मृतस्य च,** આ તો રીટર્ન ટિકિટ સાથે જીવ આવે, આવે એટલે પાછા જવું પડે, રીટર્ન જવું ન હોય તો પણ જવું પડે. આ છેલ્લો દિવસ છે?



જગદમ્બાએ તરત મને કહ્યું કે 'નહીં, હજું તો ઘણું ય જીવવાનું છે ને કેટલાય કામો આપણે કરવાના છે. આ તો ચાલ્યું જશે હમણાં.' એટલે મેં ઘરમાં કહી દીધું કે ગમે તેવી અસ્થિરતા કે અસ્વસ્થતા કદાચ લાગે હવે, તો તમે બહું ચિંતા કરતા નહીં. હું સારો થઇ જવાનો છું. હોસ્પિટલમાં લઇ જવા માટે ડોક્ટરે ભલામણ કરી.

હું ત્યાં ગયો, રહ્યો. ને બીજી વાર અઠવાડિયા પછી બહુ જ ભયંકર હાર્ટએટેક આવ્યો. એણે તો મારી શક્તિને એકદમ લઇ લીધી. પથારીમાં જ એકાદ મહિના સુધી મારે રહેવું પડ્યું. પથારીમાં જ બધું થાય. બેસવાની પણ શક્તિ નહીં. એટલી બધી નબળાઇ મને થઇ ગઇ. તો ધીરે ધીરે મને સારું થયું. ડોક્ટરોને પણ નવાઇ લાગી કે ૪૮ કલાક જ જીવશે તેમ આપણે માનતા હતા. આ તો પાછા બેઠા થયા. બેઠા કેવી રીતે થયા! ડોક્ટરો પણ એ જાણી શકતા નથી. એક એવી શક્તિ છે સંસારમાં. એ આખાય સંસારનું શાસન કરે છે અને તે જ શક્તિ જયારે બાળકનો જન્મ થવાનો હોય તેની પહેલા એના સંરક્ષણની ચિંતા કરી માતાની છાતીમાં દૂધ પેદા કરે છે.

આ શક્તિ છે. સમસ્ત સંસારનું સંચાલન કરનારી આ સર્વોપરી શક્તિ. એ શક્તિમાં જેને વિશ્વાસ છે એને ગભરાવાનું હોતું નથી. એને ચિંતા થતી જ નથી. એને કોઇ પ્રત્યે રાગ રહેતો નથી , કોઇ પ્રત્યે દ્વેષ રહેતો નથી. એ શાંતિથી પોતાના જીવનને તટસ્થ, નિર્લિપ્ત રીતે જોતો જોતો પોતાનો સમય પસાર કરતો હોય છે. સ્વસ્થતાપૂર્વક હું રહેતો. નિદ્રા પણ નહોતી આવતી. ૨૪ કલાક જાગ્રત રહેતો. પથારીમાં સૂતેલો જ હોઉ પણ મારા મનમાં પરમાત્માના સિવાય કોઇપણ પદાર્થ

હોય નહીં. **अहं ब्रह्मास्मि, शिवोहम्, शिवोहम्, चिदानंदरुप, शिवोहम्.** આ મફતની ઋષિઓએ આપેલી ગોળીઓ ૨૪ કલાક હું ખાધા જ કરતો. એને લીધે હું જલ્દી બેઠો થઈ ગયો. ડાક્ટરોના કહ્યા પ્રમાણે મહિના સુધી આરામ કરવાનો થયો. અમદાવાદના કેન્દ્ર સંચાલક શ્રી બાબુભાઈ વ્હોરા જે અનાસક્ત છે, સરકારી ઓફિસર હતા. હમણા જ રીટાયર્ડ થઈ ગયા. એમને ચિંતા થવા લાગી. યોગેશ્વરજીને આરામ માટે કોઈ સારી જગ્યાએ રાખીએ. દાદર ચડાય નહીં એટલે ભોંય તળિયાની કોઈ જગ્યા હોવી જોઈએ.

અમદાવાદ જેવા શહેરમાં મકાન ખાલી મળવાનું બહું અઘરું. પણ ઈશ્વર બધી જ યોજના પહેલેથી કરે છે. રામાયણમાં આવે છે કે રામચંદ્રજી જ્યારે વનમાં જવાના હતા ત્યારે ઋષિઓએ પહેલેથી તૈયારી કરી. અહિંયા આવીને રહેશે રામ. દેવતાઓએ સ્થાન તૈયાર કર્યાં. એમ આપણે જન્મીએ ત્યારથી જ આપણું બધું નિર્મિત થઈ જતું હોય. નક્કી થઈ જતું હોય એમ લાગે. આપણને ખબર પડે કે ના પડે. તરત જ એક ભાઈની સાથે વાત થઈ. એ ભાઈએ કહ્યું કે મારો ફ્લેટ ખાલી જ છે. ભોંય તળિયે જ છે. કોઈ રહેતું નથી. તમે ત્યાં યોગેશ્વરજીને રાખો. જેટલો વખત રાખવા હોય તેટલા વખત સુધી રાખો. મને લઈ જવામાં આવ્યો. હોસ્પિટલમાંથી રજા આપી ત્યારે અમે ત્યાં જઈને રહ્યા.

(ક્રમશઃ)

○



# શૌચ

(મહારાજશ્રી નથુરામશર્મા)

શૌચ એટલે પવિત્રતા. શૌચ બે પ્રકારનું છે—**બાહ્ય**શૌચ ને **આં**તરશૌચ. જલ અને માટીવડે સ્થૂલશરીરની શુદ્ધિ કરવી તે તથા નેતિ ને બ્રહ્મદાતણ વગેરે યોગની મલશોધક ક્રિયાથી સ્થૂલશરીરમાંનો મેલ કાઢવો એ **બાહ્ય**શૌચ છે. વળી ગોમૂત્ર પીવું તથા જવ ખાઈને રહેવું એ પણ **બાહ્ય**શૌચ છે. અંતઃકરણમાં અનાદિકાલથી રહેલા રાગદ્વેષાદિ જે દોષો છે તે વિવેકવિરાગવડે દૂર કરી તેને પવિત્ર કરવું તે **આં**તરશૌચ છે. સુખી પ્રાણીઓમાં મૈત્રીની ભાવના કરવી, દુઃખી પ્રાણીઓપર દયાની ભાવના કરવી, પુણ્યવાનમાં હર્ષની ભાવના કરવી, ને પાપીની ઉપેક્ષા કરવી એ ચાર ભાવનાથી પણ જિજ્ઞાસુનું અંતઃકરણ પવિત્ર થાય છે, તેથી તે પણ **આં**તરશૌચનાં સાધનો ગણાય છે.

જેમ પોતાના પુત્રને રાજ મળે કે ધન મળે તો મનુષ્ય તે પોતાને મળ્યું એમ માને છે, તેમ પોતાના જેવી સ્થિતિવાળાને અથવા પોતાનાથી ચઢીઆતી સ્થિતિવાળા મનુષ્યને જોઈ તેમને પોતાના મિત્ર માનવા કે જેથી તેમના ઉપર દ્વેષ, ઈર્ષ્યા કે અસૂયા ન થાય. સમજુ મનુષ્યે તેમને સુખી જોઈ તેમના સુખે પોતાને સુખી માનવાનો સ્વભાવ પાડવો જોઈએ.

મુમુક્ષુએ દુઃખી સ્થિતિવાળા મનુષ્યને અને પોતાનાથી ઊતરતી સ્થિતિવાળા મનુષ્યને જોઈ તેમના ઉપર કરુણાની ભાવના કરવી. તે દુઃખી મનુષ્ય વધુ દુઃખી થાય તો ઠીક એમ ન ચિંતવવું, પણ ઈશ્વરના અનુગ્રહથી તેના દુઃખમાં ન્યૂનતા થાય

તો ઠીક એમ ઈચ્છવું.

પુણ્યવાનને જોઇ હર્ષયુક્ત થવું. કોઇ પણ માણસ નાનુંમોટું કોઇ પણ પ્રકારનું પુણ્યકર્મ કરતું હોય તો આવા કલિકાલમાં પણ તે આવું પુણ્ય કરે છે, તેથી તે ધન્યવાદને પાત્ર છે; એમ કહી આનંદાનુભવ કરવો. કોઇ પણ માણસ પોતાનાથી બને તેટલું થોડું મધ્યમ પ્રકારનું કે ઉત્તમ પ્રકારનું પુણ્ય કરતું હોય તો તેને જોઇ સમજુએ હમેશાં રાજી થવું, પણ તેની અસૂયા ન કરવી,—તેના તે શુભકર્મને દોષરૂપ વિચારવું નહિ, તેમ અન્ય-ની આગળ તેવું કહેવું પણ નહિ. પુણ્યકર્મ કરનારને જોઇ હર્ષ પામવાથી પોતે પુણ્યમાર્ગે વળી શકે છે, ને પરમાર્થમાં આગળ વધે છે.

જિજ્ઞાસુએ પાપી મનુષ્યની ઉપેક્ષા કરવી. પાપી મનુષ્યની સ્તુતિ કરવાથી સ્તુતિ કરનારને અનુમોદનનામનું પાપ લાગે છે અને પાપી મનુષ્યની નિંદા કરવાથી નિંદા કરનારનું મોં ખરાબ દેખાય છે, ને તેનું અંતઃકરણ તપે છે, માટે પાપી મનુષ્યના સંબંધમાં આમ વિચાર કરવો કે જો આપણા હાથપગનાં આંગળાં સરખાં નથી તો બધા મનુષ્યોની પ્રવૃત્તિ સરખી ક્યાંથી હોય? જો કુટુંબમાં પણ બધાનો મત સરખો હોતો નથી તો વિશ્વમાં બધાં મનુષ્યોનો મત ને પ્રવૃત્તિ સરખાં ક્યાંથી હોય? વળી જો તત્ત્વજ્ઞાનભણી જ બધાની મનોવૃત્તિ વળે તો આ સંસાર ચાલે નહિ, આવા વિચાર કરી પાપીઓ તરફ ઉપેક્ષાની ભાવના કરવાથી પણ અંતઃકરણની શુદ્ધિ થાય છે.

જેટલી અંતઃકરણની શુદ્ધિ તેટલી તેની સ્થિરતા ને જેટલી તેની સ્થિરતા તેટલું તેનું સૂક્ષ્મપણું થાય છે, અને તેને પરિણામે તેને બ્રહ્મસાક્ષાત્કાર થાય છે, માટે જિજ્ઞાસુએ આંતરશૌચ અને



બાહ્યશૌચ બરાબર પાળવું. બીજા મનુષ્યો તેમ ન વર્તતા હોય તો તેમને સામાન્ય રીતે ચેતવવા, પણ વધારે પડતું કે તેમના મનને આઘાત થાય એવું ન બોલવું.

**સર્વ પ્રકારની નિર્મલતા એ મનુષ્યને પ્રભુની પાસે પહોંચાડનારી સુંદર દૂતી છે,** માટે પવિત્ર પરમાત્માને મેળવવાને મનુષ્યે પોતાના શરીરની, ઇંદ્રિયોની ને મનની પવિત્રતા મેળવવા બનતો પ્રયત્ન સદા-ગ્રહપૂર્વક કરવો જોઇએ.

વૈરાગ્યનો મૂળભૂત મુખ્ય મહત્ત્વનો સંબંધ મનની સાથે હોવા છતાં મોટાભાગના સાધકોએ એને શરીરની સામગ્રી સમજીને એનો સંબંધ શરીર સાથે જોડી દીધો છે. એને લીધે ભગવાં વસ્ત્ર પહેરવા, માળાઓ ધારણ કરવી, તિલક કરવાને જાણે વૈરાગ્યનાં મુખ્ય બાહ્ય સાધનો ગણ્યા છે.

● ● ●

માણસ અતિ ઊંચે સ્થાને પહોંચી જાય, પછી તે નમ્ર દેખાતો હોય છે. તેમ દેખાવામાં તેને કોઇ નુકસાન નથી. સર્વોચ્ચ સ્થાને પહોંચેલાના લોહીમાં નમ્રતા દઢમૂળ થઇ ગઇ હોય એવું ભાગ્યે જ બને છે. વાસ્તવમાં એ નમ્રતા ઉપરછલ્લી જ હોય છે. પરંતુ પરમ જ્ઞાનીમાં જે સહજ નમ્રતા હોય છે તેવી નમ્રતા સમાજમાં ઉચ્ચ સ્થાને પહોંચેલા મનુષ્યમાં જવલ્લે જ જોવા મળે છે.

મનુષ્યમાં જે ભરપૂર હોય તેમાં એને રસ કે આકર્ષણ ન રહે, પરંતુ મનુષ્યમાં જે ખૂટતું હોય એમાં એને વિશેષ રસ જાગે છે.

**—શ્રીયોગેશ્વરજી**

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

પરંતુ એણે હચમચી ઊઠેલા હૈયાને મજબુત કર્યું ને મનોમન કહ્યું :

'મારે માટે આમ લાગણીવશ બનવું જરા પણ ઉચિત ના કહેવાય. હું કંસનું કામ કરવા માટે આવી છું એ મારે ના ભુલવું જોઈએ. મારે મારી સ્વતંત્ર ઈચ્છા પ્રમાણે નહિ પરંતુ કંસની આજ્ઞા પ્રમાણે ચાલવાનું છે.એમાં મારી અંગત રુચિ-અરુચિઓ વચ્ચે નથી લાવવાની. કૃષ્ણની લોકોત્તર સુંદરતાની વાત પોતાના ગુપ્તચરો દ્વારા એણે પણ સંભાળી છે. એટલે તો કૃષ્ણનો કાળ બનવાની મને ખાસ સૂચના આપી છે. એ સૂચનાનું પાલન નહિ કરું તો મારું પોતાનું જીવન સંકટમાં આવી પડશે. કંસનો કોપ મારી ઉપર પૂર્ણપણે ઊતરી પડશે. માટે હૃદયની તુચ્છ ભાવુક્તા અને દુર્બળતાને દૂર કરીને કર્તવ્યમાં આગળ વધું એ જ બધી રીતે બરાબર છે.'

પૂતનાએ કપટયુક્ત વાણીમાં જણાવ્યું :

'યશોદા, આ બાળક બધી રીતે સુંદર છે. એને પ્રાપ્ત કરીને તારું જીવન સંપૂર્ણપણે ધન્ય બન્યું છે. ઈશ્વર આ બાળકોને હજારો વરસો સુધી જીવતો રાખે.મારું અંગેઅંગ એને નિહાળીને નાચી ઊઠ્યું છે. એના સ્પર્શથી રોમેરોમ રસથી તરબોળ બન્યું છે.મારી છાતીમાં દૂધ ભરાઈ આવ્યું છે. હું એને એનું પાન કરાવું ! '

પૂતનાએ કૃષ્ણને પયપાન કરાવવાની તૈયાર કરી એજ



વખતે કૃષ્ણે સંમોહક સ્મિત કર્યું.

પૂતનાના કપટને જાણી લઈ ને અંત આણવાનો નિશ્ચય કર્યો હોય તેમ કૃષ્ણે પયપન માટે ઉત્સુક્તા દર્શાવી.

પૂતનાએ કૃષ્ણના મુખને છાતીએ લગાડી દીધું ને મનમાં વિચાર્યું કે હમણાં જ આનો અંત આવશે.

કૃષ્ણે એના પયપાનનો પ્રારંભ કર્યો એથી એ આનંદમાં આવી ગઈ.પરંતુ થોડા જ વખતમાં એ આનંદ ઊડી ગયો અને એનો આત્મા વ્યાકુળ બન્યો.

એને એકાએક અનુભવ થયો કે બાળક એના પયનું જ પાન નથી કરી રહ્યો પરંતુ સાથે એના પ્રાણને પણ ખેંચી રહ્યો છે. અને એ પણ અત્યંત તીવ્રતાથી, પોતાની સમગ્ર શક્તિપૂર્વક.

એક સામાન્ય શિશુમાં શું આટલી બધી શક્તિ હોઈ શકે ? એને આશ્ચર્ય થયું.

આકાશવાણીએ જે અસાધારણ શક્તિશાળી દેવકીપુત્રનો સંકેત કરેલો તે પુત્ર શું આ જ છે ?

પરંતુ આ દેવકીપુત્ર ક્યાં છે ? આ તો યશોદાનંદન છે !

તો શું આકાશવાણીની કાંઈ ભૂલ થઈ ?

કંસે શિલાખંડ પર પછાડેલી કન્યાએ જેના વિશે કહેલું તે કંસનો ભાવિ કાળ શું આ જ છે ?

એ સિવાય આની અંદર આટલી બધી શક્તિ ના હોઈ શકે.

પરંતુ એ વધારે કાંઈ વિચારે એ પહેલા તો એનો આત્મા ગૂંગળાવા લાગ્યો, એનાથી બૂમ પડાઈ ગઈ, એણે ઉપરાઉપરી ચીસો પાડવાનો પ્રારંભ કર્યો ને કહ્યું :

'અરે, આ બાળકને કોઈ લઈ લો. એ મને મારી નાખશે.

મારા સમસ્ત જીવનને એ ચૂસી રહ્યો છે. એક વિપળનોય વિલંબ થશે તો હું નહિ બચી શકું. આ કૃષ્ણ નથી પણ કાળ છે કાળ.એણે કૃષ્ણને પોતાની છાતીએથી અલગ કરવાનો પર્યાપ્ત પ્રયાસ કર્યો પણ એ પ્રયાસ નિષ્ફળ નીવડ્યો.

કૃષ્ણની પકડમાંથી છૂટવાનું એને માટે મુશ્કેલ બન્યું.

થોડોક પ્રયત્ન કરી જોયા પછી એ હિંમત હારી બેઠી. એણે સઘળી આશા છોડી દીધી.

એને ખાતરી થઇ કે પોતે હવે નહિ બચી શકે.

પોતાની અજ્ઞાનતા તથા મૂર્ખતા બદલ એને શોક થયો.

એના પ્રાણમાં પશ્ચાત્તાપનો પાવન પાવક પ્રજળી ઊઠ્યો.

પોતે હાથે કરીને જ મૃત્યુના મુખમાં પડવા માટે દોડી આવી છે ને ? અને એ પણ કપટવેશથી.

એ કપટ અથવા છળનો બદલો જ પોતને મળી રહ્યો છે.

એણે ફરી વાર પોકારી જોયું :

‘યશોદા, તારા કૃષ્ણને લઇ લે તો ખરી ! કે પછી તું પણ મને મારી નાખવાની જ ઇચ્છા રાખે છે ?’

યશોદા ને બીજી સ્ત્રીઓ એ સાંભળીને આશ્ચર્યચક્તિ અને આભી બની ગઇ.

એ કૃષ્ણને લઇ લેવાના આશયથી આગળ વધી. કહો કે દોડી.

એમણે કૃષ્ણને તેડીને પાછા વાળવાનો ને પૂતનાને પીડામુક્ત કરવાનો પ્રયાસ કર્યો પરંતુ એ પ્રયાસ વ્યર્થ ગયો. નિરર્થક ઠર્યો.

કૃષ્ણે પૂતનાના પ્રાણહરણનો જાણે કે સંકલ્પ જ કરેલો.

પૂતનાની વિશાળ છાતીને એ પકડીને એ એના પ્રાણને



ચૂસવા માંડ્યા.

વિલંબ ઘડીનો ન હતો, પળનો પણ નહિ, વિપળનો જ હતો.

સૌના વિસ્મય વચ્ચે પૂતના નિશ્ચેષ્ટ બનીને ધરતી પર ઢળી પડી.

એની આંખ ફાટી ગઇ, મુખ પણ ફાટી ગયું, અને એનો પ્રાણ ઊડી ગયો.

એના જીવનના વર્તમાન અભિનય પર પડદો પડી ગયો.

યશોદાએ કૃષ્ણને તેડી લીધા.

ગોકુલમાં વાત ફેલાતાં વાર ના લાગી.

એ વાત સાંભળીને અસંખ્ય સ્ત્રી-પુરુષો એકઠાં થયાં.

પૂતનાનો કપટવેશ છૂપો ના રહ્યો.

એને કેટલીક સ્ત્રીઓએ ઓળખી કાઢી.

કૃષ્ણની જીવનરક્ષા થઇ શકી એટલા માટે એમણે ઈશ્વરનો આભાર માન્યો, ને યશોદાને અભિનંદન આપતાં કહ્યું :

‘આ પૂતના રાક્ષસીએ તો પયપાન કરાવીને કેટલાંય બાળકોનો નાશ કરી નાખ્યો છે. કૃષ્ણનો પણ નાશ થઇ જાત પરંતુ એનું ભાગ્ય બળવાન એટલે એ બચી ગયો. આ રાક્ષસી મહાભયંકર છે. તમે કોઇ એને ઓળખી ના શક્યાં એ આશ્ચર્યકારક છે.’

‘એ રાક્ષસીનો કાળ પાસે આવી પહોંચ્યો એટલે જ આજે એ અહીં આવી પહોંચી. કૃષ્ણ જેવા નાના બાળકે એનો નાશ કરી નાખ્યો એ શું નવાઇ જેવું નથી લાગતું ?’

(ક્રમશઃ)